*Shree Kundkund-Kahan Parmarthik Trust*

302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




# આત્મધર્મ

**મંગલ સુપ્રભાતની બોણીઃ**

## * પારિણામિકભાવનું નિરંતર સ્મરણ કર *

પંચ-પરાવર્તનથી છૂટવા માટે, પંચમગતિની પ્રાપ્તિ માટે, જ્ઞાનીઓ પંચમભાવનું-પારિણામિકભાવનું નિરંતર સ્મરણ કરે છે-એમ નિયમસારમાં કહ્યું; ત્યાં પંચ-પરમેષ્ઠીનું સ્મરણ ન કહેતાં પંચમભાવનું સ્મરણ કહ્યું, કેમકે પંચમભાવ તે નિજભાવ હોવાથી તેના આશ્રયે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને તે જ સાચું સુપ્રભાત છે. માટે પંચમભાવનું નિરંતર સ્મરણ કરવું.

-પૂજ્ય ગુરુદેવ




તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર

વીર સં. ૨૫૦૪, કારતક ( લવાજમ છ રૂપિયા ) વર્ષ ૩૫: અંક ૧ [ ૪૧૦ ]

# * બહેનશ્રીનાં વચનામૃત *

* 'હું તો ઉદાસીન જ્ઞાતા છું,' એવી નિવૃત્ત દશામાં જ શાંતિ છે. પોતે પોતાને જાણે અને પરનો અકર્તા થાય તો મોક્ષમાર્ગની ધારા પ્રગટે અને સાધકદશાની શરૂઆત થાય.

* શુદ્ધ દ્રવ્ય પર દૃષ્ટિ દેતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે. તે ન પ્રગટે ત્યાં સુધી અને પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, સ્વાધ્યાય આદિ સાધન હોય છે. બાકી, જે જેમાં હોય તેમાંથી તે આવે છે, જે જેમાં ન હોય તેમાંથી તે આવતું નથી. અખંડ દ્રવ્યના આશ્રયે બધું પ્રગટે. દેવ-ગુરુ માર્ગ બતાવે, પણ સમ્યગ્દર્શન કોઈ આપી દેતું નથી.

* અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે, તેમ વિભાવપરિણામ વખતે જ તારામાં નિર્મળતા ભરેલી છે તારી દૃષ્ટિ ચૈતન્યની નિર્મળતાને ન જોતાં વિભાવમાં તન્મય થઈ જાય છે, તે તન્મયતા છોડ.

* 'મારે પરની ચિંતાનું શું પ્રયોજન'? મારો આત્મા સદાય એકલો છે એમ જ્ઞાની જાણે છે. ભૂમિકાનુસાર શુભ ભાવો આવે પણ અંદર એકલાપણાની પ્રતીતિરૂપ પારિણતિ નિરંતર બની રહે છે.

* લેપ વગરનો હું ચૈતન્યદેવ છું. ચૈતન્યને જન્મ નથી, મરણ નથી. ચૈતન્ય તો સદા ચૈતન્ય જ છે. નવું તત્ત્વ પ્રગટે તો જન્મ કહેવાય. ચૈતન્ય તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ગમે તેવા ઉદયમાં સદા નિર્લેપ-અલિપ્ત જ છે. પછી ચિંતા શાની? મૂળ તત્ત્વમાં તો કાંઈ પ્રવેશી શકતું જ નથી.

* મુનિરાજને એકદમ સ્વરૂપરમણતા જાગૃત છે. સ્વરૂપ કેવું છે? જ્ઞાન, આનંદ આદિ ગુણોથી રચાયેલું છે. પર્યાયમાં સમતાભાવ પ્રગટ છે. શત્રુ-મિત્રના વિકલ્પ રહિત છે; નિર્માનતા છે; 'દેહ જાય

( અનુસંધાન ટાઈટલ ૩ ઉપર જુઓ )

વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૫
અંક ૧




વીર સં.
૨૫૦૪
: કારતક :
A. D. 1977
DEC.

# પૂજ્ય ગુરુદેવશ્રીના કરુણાભર્યા આશીર્વચન

મીઠાં મધુરાં આવા શાસ્ત્રો છે, એને વાંચવાનોય પણ વખત ન મળે! –એને વાંચે, વિચારે ને સંસ્કાર તો નાખે! ભલે આ ભવે સમ્યગ્દર્શન ન થાય, પણ એના સંસ્કાર નાખીને પુણ્યબંધ કરે તોપણ એ સ્વર્ગમાં કે સારા મનુષ્યપણામાં જાય. બે–ચાર પાંચ કલાક વાંચન–વિચાર –મંથન કરે કે રાગથી ભિન્ન આત્મતત્ત્વ શું ચીજ છે? –એમ રાગથી ભિન્ન પડવાના સમ્યક્ સંસ્કાર નાખે અને ભિન્ન પડવાના ભાવમાં પુણ્ય પણ સાથે છે તેથી તે જીવ ભલે આ ભવે સમ્યગ્દર્શન ન પામે તોપણ એ સ્વર્ગમાં કે સારા મનુષ્યભાવમાં જઈને ત્યાં સમ્યગ્દર્શન પામશે, પામશે જ–એમ અહીં વાતછે, ન પામે એની વાત છે જ નહીં. અહીં તો પામશે જ–એ એક જ વાત છે, અપ્રતિહતની વાત છે, કેમકે દરરોજ બે–ચાર કલાક આવી વાત સાંભળીને–વાંચીને એણે અંદર એવા સંસ્કાર નાખ્યા છે કે આ રાગ તે હું નહીં, આ તે હું નહીં, પણ અંદર ચિદાનંદ ભગવાન તે હું એમ સંસ્કાર નાખ્યા છે. જેમ માટીનું નવું કોડિયું–સકોરું હોય તેમાં પાણીનું ટીપું પડે તે ચૂસાઈ જાય પણ ચૂસાઈ જવા છતાં વધતાં વધતાં ઉપર આવે છે તેમ ત્રણે કાળે ને ત્રણે લોકમાં રાગથી ભિન્ન છું, પુણ્યના પરિણામને ને મારે કાંઈ સંબંધ નથી એવા જ્ઞાનના અવગ્રહ, ઈહા, અવાય ને ધારણાથી

આત્મામાં સંસ્કાર પાડે તોપણ એ આગળ વધીને કાં તો સ્વર્ગમાં જઈને ને કાં તો મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે ત્યાં મનુષ્યપણે જન્મીને પોતાના આત્મકલ્યાણને–સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી લેશે જ. આવો માર્ગ જેને અંદરમાં સંસ્કારમાં બેસશે તેને પુણ્ય પણ ઘણું થઈ જાય, એવા જીવો નરક ને પશુમાં ન જાય. એવા જીવોને કાં તો સારું મનુષ્યપણું મળે કે જ્યાં–મહાવિદેહમાં ભગવાનનો યોગ હોય ને કાં તો સ્વર્ગમાં જાય ને પછી ભગવાન પાસે જાય. માટે શાસ્ત્રવાંચન –વિચાર–શ્રવણ–મનન કરવું ને આ સંસ્કાર નાખવા.

[ પુજ્ય ગુરુદેવશ્રી....પ્રવચનમાંથી ]

# “હિતકર પ્રેરણા”

એક વિચાર આવ્યો હતો કે સરકારી નોકરોને ૫૫–૫૬ વર્ષે નોકરીથી ઉતારી દ્યે છે તો શેઠીયાઓને એવો કોઈ કાયદો નહિ હોય! કે ૫૫–૫૬ વર્ષે ધંધાથી છૂટા થઈને પોતાના આત્માનું કાંઈક હિત કરે! અહાહા! રોટલા ખૂટે એમ ન હોય, પાછળ પૈસાનો પાર ન હોય છતાં પણ નિવૃત્તિ લઈને પોતાના આત્માનું કાંઈ હિત કરતા નથી, તેને મરીને ક્યાં જવું છે? અરે! ૬૦–૭૦ વર્ષ સુધી નવરા થતાં નથી તો મરીને ક્યાં જવું છે? અરે! મમતાના પરિણામમાં મરીને તિર્યંચમાં બકરી આદિના પેટે અવતાર થશે?

શ્રીમદ્ રાજચંદ્ર તો કહે છે કે મુમુક્ષુઓને આજીવિકા પુરતું મળતું હોય તો વિશેષ પ્રવૃત્તિ ન કરવી; આ તો રોટલા મળતા હોય તોય માથે પોટલા બાંધે! અરેરે! જવું છે ક્યાં? જીવન થોડું ને આ શું કરો છો ભાઈ! આવો મનુષ્ય ભવ મળ્યો છે ને આવા સત્ સમજવાના ટાણા છે તો ચાર–છ–આઠ કલાક વાંચન–શ્રવણ–મનન સત્સમાગમ કરીને તારા આત્માનું કાંઈક હિત કરીને માનવ ભવ સફળ કર!!

[ પૂજ્યશ્રીના ઉદ્‌ગાર: તા. ૮–૧૦–૭૭ ની ચર્ચામાંથી ]

## શાસ્ત્રજ્ઞાન આદિને આત્માથી ભિન્ન જાણીને અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા પરસમયને દૂર કરીને

## દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વસમયને પ્રાપ્ત કર

દિપાવલી તથા નૂતન વર્ષના દિવસોમાં શ્રી સમયસાર સર્વ–વિશુદ્ધજ્ઞાન અધિકારમાં ગાથા ૩૯૦/૪૦૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસસભર પ્રવચનો સાંભળતાં મુમુક્ષુઓ અત્યંત પ્રમોદિત થયા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીએ ભિન્ન ભિન્ન પડખેથી અત્યંત સરળ ભાષા દ્વારા સમજાવતાં કહ્યું કે અહીં પ્રથમ શબ્દશ્રુતથી માંડીને અધ્યવસાનને આત્માથી ભિન્ન બતાવીને પછી નિર્મળ પર્યાય તે આત્મા અને મલિન પર્યાય તે પણ આત્મા અર્થાત્ સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્ર તે આત્મા અને પુણ્ય–પાપભાવ તે પણ આત્મા એમ કહીને આત્મા સિદ્ધ કર્યો છે. જો મલિન પર્યાયને સર્વથા નિષેધવામાં આવે તો ભૂતકાળની અનંતી અશુદ્ધ પર્યાયનો નિષેધ થતાં ગુણ સિદ્ધ નહીં થાય અને તેથી દ્રવ્ય પણ સિદ્ધ નહીં થાય, તેથી શુદ્ધ–અશુદ્ધ પર્યાય તે આત્મા એમ સિદ્ધ કરીને શુદ્ધ પર્યાયે તે સ્વસમય છે અને પુણ્ય–પાપભાવ તે પરસમય છે કેમ કે જેમ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે તેમ પુણ્ય–પાપરૂપ અધર્મનું મૂળ મિથ્યાત્વ–અનાદિ વિભ્રમ દશા છે–એમ કહ્યું છે. અલૌકિક શૈલી છે, પ્રથમ પુણ્ય–પાપ તે આત્મા છે –એમ કહીને તેનું મૂળ મિથ્યાત્વ હોવાથી તે પરસમય છે, તેથી તેને દૂર કરીને દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિતિરૂપ સ્વસમય વડે વિજ્ઞાનઘન સ્વરૂપને સ્વસંવેદન પ્રત્યક્ષ કરવું તે કેવળજ્ઞાન છે, એમ અહીં કહ્યું છે.

બહુ ટૂંકી ભાષામાં કહીએ તો ચારિત્ર તે ધર્મ છે, ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે અને તેનું ફળ મોક્ષ છે તથા પુણ્ય–પાપરૂપ અધર્મનું

**મૂળ મિથ્યાત્વરૂપ અનાદિ વિભ્રમદશા છે અને તેનું ફળ સંસાર છે; માટે મિથ્યાત્વનો નાશ કરીને પુણ્ય–પાપને દૂર કરીને, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં ઠરીને, પૂર્ણાનંદસ્વરૂપ પરમાત્મસ્વભાવને સ્વસંવેદનથી પ્રત્યક્ષ અનુભવવો.**

આજે ભગવાન મહાવીરનો નિર્વાણનો–મોક્ષ પામ્યાનો દિવસ છે. જ્યારે ભગવાન માતાના પેટમાં આવ્યા ત્યારે ભંડારમાં લક્ષ્મીની વૃદ્ધિ થઈ તેથી વર્દ્ધમાન નામ પાડયું. તેમના પાંચ નામ હતા. છેલ્લો અવતાર હતો. માતાના પેટમાં પણ ત્રણ જ્ઞાન હતા, પરંતુ શુદ્ધોપયોગ ક્યારે આવે તેનો આધાર શાસ્ત્રથી ક્યાંય નથી. જ્યારે બાળક અવસ્થા હતી તે વખતે કોઈ મુનિને કાંઈ શંકા થઈ અને તે વખતે બાળક અવસ્થામાં તીર્થંકરના આત્માને દેખતાં શંકાનું સમાધાન થયું તેથી સન્મતિનાથ નામ પાડયું. અનાદિ સંસારમાં ભગવાનને એ છેલ્લો દેહ હતો, ચરમ શરીર હતું. બાર વર્ષના તપમાં ઘોર ઉપસર્ગ સહન કર્યા હતા. પછી તેમને કેવળજ્ઞાન થયું પણ દિવ્યધ્વનિ ન નીકળી. ધર્મ પામનાર તો હતાં જ, તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય તેના કારણે ધર્મ પામનારા જીવો હોય, હોય ને હોય જ, પણ બાર અંગની રચના કરનાર ગણધરની ઉપસ્થિતિ ન હતી. પછી ગૌતમસ્વામી સમવસરણમાં આવતાં મુનિ થાય છે ને ભગવાનની દિવ્યધ્વનિ છૂટે છે. પછી ૩૦ વર્ષ તેરમાં ગુણસ્થાને રહ્યા ને ગઈ રાતના પાછલા પરોઢીયે અકંપદશા પૂરી થઈ ને પાવાપુરીથી સમશ્રેણિએ મોક્ષે પધાર્યા, યાત્રાએ જવાના કારણમાં તેમના સ્મરણનો હેતુ છે. ભગવાનને પૂર્ણ દશા થઈ તેનો આજનો દિવસ છે, લોકો તેને દિવાળી કહે છે, ભગવાનની સ્મૃતિ માટેનો આ દિવસ છે. બાકી અંદરમાં સમ્યગ્દર્શન પ્રગટ કરે તે દિવાળી છે. તે વાત અહીં કહે છેઃ

## * શાસ્ત્રજ્ઞાન તે જ્ઞાન નથી *

દ્રવ્યશ્રુત–શાસ્ત્રના શબ્દો તે આત્માનું જ્ઞાન નથી. ભગવાનની દિવ્યધ્વનિ દ્રવ્યશ્રુત છે, તેમાં ભાવશ્રુત આવ્યું છે. ધવલમાં પાઠ છે કે ભગવાનની વાણીમાં ભાવશ્રુતનો ઉપદેશ કર્યો છે કેમ કે સાંભળનારાઓ ભાવશ્રુતપણે પરિણમે છે. વાણીમાં ભાવશ્રુત આવ્યું છે કેમ કે સાંભળનારા અંતર્મુખ થઈને ભાવશ્રુતપણે પરિણમે છે. અહીં કહે છે કે શ્રુતની જે વાણી છે તે અચેતન છે તેમાં જ્ઞાન નથી આવ્યું માટે ભગવાન આત્મા ને દ્રવ્યશ્રુત ભિન્ન છે, એટલે કે દ્રવ્યશ્રુતથી આત્માને જ્ઞાન થતું નથી.

દ્રવ્યશ્રુતનું જ્ઞાન પણ ખરેખર અચેતન છે કેમ કે તે પરલક્ષી જ્ઞાન છે, સ્વલક્ષી

જ્ઞાન નથી. દ્રવ્યશ્રુત જડ–વાણી તે આત્મા નથી ને તેને સાંભળવાથી જ્ઞાન થાય તે પરલક્ષી જ્ઞાન હોવાથી તે જ્ઞાન નથી. સ્વભાવને સ્પર્શીને થયેલું જ્ઞાન તે જ્ઞાન છે. દ્રવ્યશ્રુત તો જડ છે પણ તેના નિમિત્તે જે જ્ઞાન થાય તે પરસત્તાવલંબી જ્ઞાન હોવાથી તે જ્ઞાન નથી, દ્રવ્યશ્રુતના જ્ઞાનથી આત્મા ભિન્ન છે.

શબ્દ તો જડ છે, તેનાથી તને જ્ઞાન કેમ થાય? એ તો પુદ્‌ગલની પર્યાય છે, તેનાથી જ્ઞાન ભિન્ન છે. ૧૧ અંગ ને ૯ પૂર્વનું જ્ઞાન તે શબ્દજ્ઞાન છે, અચેતન છે. ૨૭૬–૭૭ ગાથામાં તેને શબ્દશ્રુતજ્ઞાન કહ્યાં છે કેમ કે તેનો આશ્રય શબ્દ છે.

અહોહો! ભાઈ તારી ચીજ તો જો! આ તારા ગાણા ગવાય છે. જેમાં ભગવાનના ભેટા ન થયા ને જેમાં ભગવાન ભળે નહીં–દેખાય નહિ તે જ્ઞાન નહીં. તેથી અહીં કહે છે કે જ્ઞાનને ને શબ્દને જુદાઈ છે, શબ્દથી તો જુદાઈ છે પણ શબ્દજ્ઞાનથી પણ જુદાઈ છે.

## * શબ્દ તે જ્ઞાન નથી *

શબ્દ છે તે જ્ઞાન નથી, તેમ તેને સાંભળનારને પોતાના ઉપાદાનથી પરલક્ષીજ્ઞાન થાય તે જ્ઞાન પણ અચેતન છે, કેમ કે જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ ન આવે તે જ્ઞાનને જ્ઞાન કહેતાં નથી. તેથી ત્રણલોકના નાથની વાણી તે જ્ઞાન નથી અને તેના નિમિત્તે પરલક્ષીજ્ઞાન પ્રગટયું તે શબ્દશ્રુત છે, તે વાસ્તવિક જ્ઞાન નથી. શબ્દ છે તે પુદ્‌ગલ અચેતન છે તેથી વાણીને અને જ્ઞાનને ભેદ છે, ભિન્નતા છે, તેથી વાણીથી થયેલા બહિર્લક્ષી જ્ઞાનથી અંતર્લક્ષી જ્ઞાન થતું નથી પણ ચૈતન્ય ઝળહળ જ્યોતિ ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન જ્ઞાન થાય છે. ભલે શબ્દનું જ્ઞાન ન હોય પણ ચૈતન્યના ઝરણામાંથી જે જ્ઞાન થાય છે તે જ્ઞાન છે.

અહીં શબ્દ અર્થાત્ નિમિત્તને સિદ્ધ કર્યું, તેના નિમિત્તે પોતાનાં ઉપાદાનથી બહિર્લક્ષી જ્ઞાન થાય તેમ કહ્યું ને તેનાથી અંતર્લક્ષીજ્ઞાન થતું નથી તેમ અહીં સિદ્ધ કર્યું છે.

## * સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ તે જ્ઞાન નથી *

રૂપ તે જ્ઞાન નથી. ભગવાનના શરીરમાં ભા–મંડળ પડે છે. તેમાં દેખતાં સાત ભવ ભાળે, પણ ભવ ભાળે હો! આત્માને ન ભાળે! અહીં તો કહે છે કે–ભા–મંડળને જોતાં જે જ્ઞાન થાય તે જ્ઞાન નથી. રૂપ તે પુદ્‌ગલની પર્યાય છે તે જ્ઞાનથી ભિન્ન છે. અહીં કહે છે કે તીર્થંકરના–રંગ દેખે તે રંગ પણ જ્ઞાન નથી ને તેનાથી જે જ્ઞાન થયું

તે પણ જ્ઞાન નથી. રંગ તો અચેતન છે પણ તેના ભિન્ન ભિન્ન રંગનું જ્ઞાન થયું તે પણ અચેતન છે, કેમ કે જ્ઞાનમાં આનંદ ન આવ્યો. જ્ઞાનની સાથે અવિનાભાવે આનંદ થાય તે જ્ઞાન છે. ગંધ તે જ્ઞાન નથી. ભગવાનના શરીરની સુગંધ સુગંધ આવે એ સુગંધને જાણનારનું જ્ઞાન સુગંધનું છે, પુદ્ગલનું છે, તે આત્માનું જ્ઞાન નથી. એવી રીતે રસ તે જ્ઞાન નથી. કારણ કે રસ તે પુદ્ગલની પર્યાય છે. ખાટો–મીઠો રસ તે પુદ્ગલના પર્યાય છે અને તેનું જ્ઞાન પણ અચેતન છે. શરીરના સ્પર્શનું જે જ્ઞાન થાય તે સ્પર્શનું જ્ઞાન છે, આત્માનું જ્ઞાન નથી. સ્પર્શને તો જ્ઞાન નથી. પણ શરીરના સ્પર્શથી થયેલ જ્ઞાન તે પણ આત્માનું જ્ઞાન નથી. તેથી આત્માને ને સ્પર્શ–રસ–ગંધ–વર્ણને વ્યતિરેક–જુદાપણું છે.

અસંખ્ય પ્રદેશી આત્માનાં દરેક પ્રદેશ ઉપર પર્યાય છે પણ એકલી પર્યાયને ન દેખતાં તે પર્યાયને ઊંડે ઊંડે લઈ જવી, જ્યાં ધ્રુવ છે ત્યાં લઈ જવી. જેનો સ્વભાવ છે, સ્વરૂપ છે, તેની મર્યાદા શી? તેની હદ ને મર્યાદા શી? એવી જે બેહદ અપરિમિત ધ્રુવતા ત્યાં પર્યાયને લઈ જાય ત્યારે જ્ઞાન થાય, જેમાં સાથે આનંદ આવે તેને ખરું જ્ઞાન કહેવાય.

## * કર્મ તે જ્ઞાન નથી *

આઠ કર્મ છે તે જ્ઞાન નથી, એ કર્મ પોતે પોતાને જાણતું નથી અને એ કર્મને જાણનારું જ્ઞાન કે આ કર્મ છે એ જ્ઞાન તે જ્ઞાન નથી. ભલે શાસ્ત્રથી જાણે કે આ કર્મ છે, પણ એ ચૈતન્યની સત્તામાં જણાય છે ને! છતાં તે જ્ઞાન પણ જ્ઞાન નથી. ભગવાન તો અબદ્ધ ને અકર્મી છે, અકર્મી પ્રભુને સ્પર્શે તે જ્ઞાનને જ્ઞાન કહીએ.

અરેરે! બહારનાં પાપના જ્ઞાન આડે નવરો નથી ને શાસ્ત્રના સ્વાધ્યાય–મનન સત્સંગ માટે પણ જેને નવરાશ નથી તેને ધર્મ ક્યારે થશે? તે શાસ્ત્ર વાંચન આદિ પણ જ્ઞાન નથી હો! અહીં તો કહે છે કે કર્મ સંબંધી શાસ્ત્રો વાંચે તે જ્ઞાન પણ તારું નથી. કર્મ અને આત્મા તદ્દન ભિન્ન–ભિન્ન પડયા છે, કર્મથી આત્મા બંધાયો જ નથી, કેમ કે આત્માને ને કર્મને વ્યતિકેર–ભિન્નપણું છે. એવી રીતે ધર્માસ્તિકાય તે જ્ઞાન નથી અને ધર્માસ્તિકાય છે એમ પર્યાયમાં જાણવામાં આવે તે પણ જ્ઞાન નથી. એવી રીતે અધર્માસ્તિકાય, અસંખ્ય કાળદ્રવ્ય તથા આકાશ તે પણ જ્ઞાન નથી અને તેનો ખ્યાલ આવ્યો એવું જ્ઞાન તે પણ જ્ઞાન નથી. આત્માને ને તેમને જુદાપણું છે.

## * અધ્યવસાન તે જ્ઞાન નથી *

અધ્યવસાન તે જ્ઞાન નથી. આગળ પુણ્ય–પાપને આત્મા કહેશે પણ વિભ્રમ તે

પુણ્ય–પાપને ઉત્પન્ન કરવાનું મૂળીયું હોવાથી અધ્યવસાન ને આત્મા જુદા છે. એકતાબુદ્ધિ છે તે આત્મા નથી એમ કહ્યું છે. આગળ પુણ્ય–પાપને જ્ઞાન કહેશે. એટલે કે પુણ્ય–પાપને જ્ઞાન કહે છે તેમ નહીં પણ તે આત્માની પર્યાય છે માટે જ્ઞાન એટલે આત્મા છે. ૭૩ ગાથામાં એમ કહે છે કે પુણ્ય–પાપનો સ્વામી પુદ્ગલ છે. પ્રવચનસારમાં એમ કહે છે કે પુણ્ય–પાપના પરિણામનો અધિષ્ઠાતા આત્મા છે. આ તો અનેકાંતની વાતો છે. જીવ અધિકારમાં એમ આવે કે પુણ્ય–પાપના ભાવ અજીવ છે, આત્મા નથી. જીવની પર્યાયમાં છે પણ તે નીકળી જાય છે તેથી તેને પુદ્ગલના પરિણામ કહીને પછી પુદ્ગલ જ છે તેમ કહ્યું; કઈ અપેક્ષાએ ?–કે દ્રવ્યદ્રષ્ટિ કરાવવાની અપેક્ષાએ. અહીં કહે છે કે પુણ્ય–પાપના પરિણામ છે તે બીજાના નથી, આત્માના છે. પર્યાયની અવસ્થાથી જોતા પર્યાયમાં પુણ્ય–પાપ છે તેમ અહીં કહે છે.

## * જ્ઞાનની જીવથી ભિન્નતા હશે એમ જરાય શંકા કરવા યોગ્ય નથી *

હવે કહે છે કે જ્ઞાન ને આત્મા એમ બે ધ્વનિ ઊઠે છે માટે જ્ઞાન ને આત્મા જુદા હશે એવી શંકા ન કરવી. ગુણને જ અહીં ગુણી કહેવો છે. જ્ઞાન તે જ આત્મા છે, નામ ભિન્ન પડયું માટે ભાવ અને ભાવવાન એટલે કે જ્ઞાન ને ભગવાન બે જુદા છે એમ જરીયે શંકા ન કરવી. નામ ભલેને જુદા પડયા પણ ભાવ જુદા નથી. કર્તાકર્મમાં ૬૯–૭૦ ગાથામાં આવે છે કે જ્ઞાનમાં પ્રવર્તે છે તે આત્મામાં પ્રવર્તે છે, આત્મા ને જ્ઞાન જુદા નથી, માટે આત્મામાં વર્તે છે તે જ્ઞાનમાં જ વર્તે છે. જ્ઞાન ગુણ છે આત્મા ગુણી છે અને તેમાં વર્તવું તે જ્ઞાનની ક્રિયા છે–એ સ્વાભાવિક ક્રિયા છે તેથી તેને નિષેધવામાં આવી નથી, પણ રાગની ક્રિયા નિષેધવામાં આવી છે. આત્મા ને જ્ઞાન જુદા નથી તેથી જ્ઞાનમાં વર્તે છે તે આત્મામાં વર્તે છે. તેમ અહીં કહે છે કે જ્ઞાન ને આત્મા જુદા હશે તેમ જરીયે શંકા કરવા લાયક નથી, કેમકે જીવ પોતે જ જ્ઞાન છે.

## * જ્ઞાન જ સમ્યગ્દ્રષ્ટિ, જ્ઞાન જ સંયમ *

આ રીતે આત્મા જ સમ્યગ્દ્રષ્ટિ છે. જેવો જીવ છે તેવી તેની પ્રતીતિ થઈ તે સમ્યગ્દ્રષ્ટિ છે અને તે આત્મા જ સમ્યગ્દ્રષ્ટિ છે. આત્મા જ સંયમ છે એટલે કે જ્ઞાન જ્ઞાનમાં જ રમે છે તે જ સંયમ છે. છકાય આદિની વાત તો વ્યવહારનું કથન છે, આત્મા પોતે જ સંયમરૂપે પરિણમે છે. નિર્વિકારી દશાએ પરિણમે છે તે સંયમ છે, જ્ઞાન તે સંયમ છે માટે આત્મા તે જ સંયમ છે. જ્ઞાનમાં રમણતાની રમઝટ જામે તેને સંયમ કહે છે. સમયસાર ગાથા ૧૫૫ માં પણ કહ્યું છે કે શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું તે સમ્યગ્દ્રષ્ટિ છે, જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું તે જ્ઞાન છે અને રાગાદિના

ત્યાગસ્વભાવે એટલે કે વીતરાગીસ્વભાવે જ્ઞાનનું પરિણમવું તે ચારિત્ર છે. અહીં પણ કહે છે કે આત્મા પોતે જ સંયમ છે, સંયમ આત્માથી ભિન્ન ચીજ નથી.

પોતાના જ્ઞાનસ્વભાવે પરિણમતો કે પોતાના આનંદસ્વભાવે પરિણમતો આત્મા તે ચારિત્ર છે. સ્વરૂપમાં લીનતા તે સંયમ છે અને તે આત્મા છે. આત્મા પોતે પોતામાં સ્થિર થાય છે તે આત્મા છે. રાગ તે હું ને આત્મા તે રાગ એ મોટો રોગ છે, ભગવાન આનંદના નાથને પર્યાયમાં ઘા વાગે છે, મિથ્યાત્વના ઘાથી પર્યાયમાં લોહીજાણ થઈ ગયો છે.

રાગાદિની ક્રિયા તે સંયમ નથી ને તે આત્મા નથી. અતીન્દ્રિય આનંદના નાથના અતીન્દ્રિય સ્વભાવમાં જામી જાય છે તે સંયમ છે, તે આત્મા છે. સ્વના આશ્રયે જે જ્ઞાન થાય તે જ આત્મા છે. ભાવશ્રુતજ્ઞાન તે જ આત્મા છે. અંગપૂર્વ આત્મા છે.

## * પુણ્ય-પાપ તે આત્મા છે. *

અહીં આત્માને સિદ્ધ કરવો છે તેથી શુભ–અશુભભાવને આત્મા કહ્યો છે. પહેલા નિર્મળ પર્યાય તે આત્મા છે તેમ કહીને તેનાથી વિરુધ્ધ જે પુણ્ય–પાપના ભાવ તે પણ જીવની પર્યાયમાં છે માટે તેને આત્મા કહ્યો છે. પુણ્ય ને પાપના ભાવ તે આત્મા છે, કેમ કે શુદ્ધાશુદ્ધ પર્યાયનો પિંડ તે આત્મા છે. પરંતુ અંદર અશુદ્ધ પર્યાય તરીકે કે શુદ્ધ પર્યાય તરીકે પર્યાય રહી નથી પણ પારિણામિકભાવે થઈ ગઈ છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં શુદ્ધાશુદ્ધ પર્યાયનો પિંડ કહ્યો છે કેમ કે ત્યાં આત્મા સિદ્ધ કરવો છે અને અહીં પણ આત્મા સિદ્ધ કરવો છે. જો અશુદ્ધ પર્યાયને કાઢી નાખશો તો દ્રવ્ય સિદ્ધ નહીં થાય, કેમ કે બધી અશુદ્ધ પર્યાયોને કાઢી નાખો ને એક વર્તમાન પર્યાયને જ ગણો તો ગુણનું અશુદ્ધ ને શુદ્ધ પરિણમન છે તે સિદ્ધ ન થતાં ગુણની સિદ્ધિ ન થવાથી દ્રવ્યની પણ સિદ્ધિ ન થાય. અહીં આત્મા સિદ્ધ કરવો છે. અનાદિકાળમાં એટલી બધી અશુદ્ધતા થઈ છે કે અશુદ્ધતા ન માનો તો ગુણી જ સિદ્ધ થતો નથી.

અહીં પુણ્ય–પાપને આત્માની પર્યાયમાં રાખવા છે પણ મિથ્યાત્વના પરિણામને આત્માની પર્યાયમાં રાખવી નથી, એવી જ શૈલી અહીં લીધી છે. આજે તો નવું વર્ષ છે, નવા વર્ષે આ સ્વ–પરની ભિન્નતાની વાત ચાલે છે. દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ પુણ્ય–પાપના ભાવ છે તેનો સ્વામી કર્મ છે પણ પર્યાયની અપેક્ષાએ પર્યાયમાં જે પુણ્ય–પાપના ભાવ છે તે આત્માની પર્યાયમાં થાય છે. પ્રવચનસારમાં તેને સ્વના આશ્રયે થાય છે માટે આત્મા છે એમ કહીને આત્માની પર્યાયમાં પુણ્ય–પાપ છે તેમ કહ્યું છે, કેમ કે જો અશુદ્ધ પર્યાયને કાઢી નાખો તો ગુણી જ સિદ્ધ નહીં થાય.

કહેવાનો આશય એ છે કે પુણ્ય–પાપ એ તો પર્યાય છે, જો એ અનંતી પર્યાય કાઢી નાખો તો ગુણ જ સિદ્ધ નહીં થાય ને તો દ્રવ્ય પણ સિદ્ધ નહીં થાય. જે અનંતી અશુદ્ધ પર્યાય વ્યય થઇ ગઈ છે તેણે દ્રવ્યમાં ડૂબકી મારી છે અને જે અનંતી શુદ્ધ પર્યાય થવાની છે તે દ્રવ્યમાંથી આવે છે, દ્રવ્યમાં એની યોગ્યતા પડી છે.

જ્ઞાનની એક પર્યાય એક એક અવિભાગ–પ્રતિચ્છેદને ભિન્ન ભિન્ન જાણે ને તેની સાથે રહેલી દર્શનની પર્યાય અભેદપણે જાણે, આ તે પર્યાયની કેવી અદ્‌ભૂતતા છે! એક સમયની પર્યાય પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ જાણે અને તેની સાથે રહેલી દર્શનની પર્યાય આ જીવ છે કે જડ છે–એમ ભેદ પાડયા વિના સામાન્ય સત્તારૂપે સર્વને દેખે છે એવો જ દ્રવ્યનો સ્વભાવ છે.

વસ્તુ એવી છે કે જેમાં તર્ક કામ લાગતો નથી. કેવળજ્ઞાનની પર્યાય એક જ સમયમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિ પામે છતાં ત્રણકાળ ત્રણલોકને જાણવામાં ફેર પડતો નથી, એવો જ કોઈ અદ્‌ભુત સ્વભાવ છે. એક સમયની પર્યાયમાં અનંતા અવિભાગ–પ્રતિચ્છેદ બહાર આવે છતાં શક્તિમાં એટલા ને એટલા જ રહે છે. એવી વસ્તુની મહિમા છે, પણ શ્રુતજ્ઞાનમાં તે જણાય નહીં કેમ કે નહિતર કેવળજ્ઞાનની વિશેષતા શું રહે? કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં જે સમયે અનંતગુણી વૃદ્ધિ તે જ સમયે અનંતગુણી હાનિ છે.

## * નિર્મળ તેમજ મલિન પર્યાય તે આત્મા છે *

ભગવાન શુદ્ધ ચૈતન્યઘન છે ને પુણ્ય–પાપના ભાવનો સ્વામી અજીવ છે અને તેનું ફળ દુઃખ છે માટે તે પુદ્‌ગલ છે. પરંતુ અહીં તો વિકારી ને અવિકારી પર્યાય તેનામાં છે એ વાત સિદ્ધ કરવી છે. સામાન્ય અને વિશેષ સ્વરૂપ આત્મા છે. સર્વ–વિશુદ્ધજ્ઞાન–અધિકારમાં જેનો જે પર્યાય છે તેનો તેને જાણે. તેથી પુણ્ય–પાપ તે જ્ઞાન એમ કહ્યું છે, કેમ કે પુણ્ય–પાપ–વિશેષરૂપે આત્મામાં થાય છે.

સમ્યગ્દર્શન છે તે આત્મા છે અને પુણ્ય–પાપભાવ તે પણ આત્મા છે. એકાંત કોઈ ખેંચે તો વીતરાગમાર્ગમાં ન ચાલે, દ્રવ્ય ને પર્યાય એમ અનેકાંત સ્વરૂપ છે. પ્રવચનસારમાં જ્ઞાનઅધિકારમાં પુણ્ય–પાપના ભાવનો કર્તા–ભોકતા જીવ કહ્યો છે. ત્યાં પરિણમે છે તેટલી અપેક્ષા લઈને કર્તા ભોકતા કહ્યું છે, ગણધરને વિકલ્પ ઊઠે તે જીવનું પરિણમન છે, જીવના સત્ત્વમાં છે, તેથી કર્તા–ભોકતા–કહ્યું છે.

આત્માની સન્મુખ થઈને થયેલી દશા–સમ્યગ્દર્શન તે આત્મા છે. અંગનું કે પૂર્વનું ઉઘડેલું જ્ઞાન કે જે આત્માની પર્યાયમાં વિકાસ પામ્યું છે તે આત્મા છે. ધ્રુવ

વસ્તુ કે જે કાયમી છે..... છે...... છે....... તે અને બદલતી અવસ્થા, વિકલ્પો આદિ તે આત્મા છે, કેમ કે તેની પર્યાયમાં છે. આત્મા જ પુણ્ય પાપ છે કેમ કે અંશીમાં અંશ થાય છે. સામાન્ય સ્વરૂપ ત્રિકાળી છે ને વિશેષ સ્વરૂપ પર્યાય છે. તેથી તેમાંથી એકપણ અંશ કાઢી નાખશો અર્થાત્ પુણ્ય–પાપની અશુદ્ધ પર્યાયને કાઢી નાખશો તો વસ્તુ જ સિદ્ધ નહીં થાય.

આત્મા જ દીક્ષા છે. નિશ્ચયચારિત્ર તે આત્મા છે. નિર્મળાનંદ આત્મા પોતે જ પ્રવજ્યા છે. ચારિત્ર સ્વરૂપ જ પ્રભુ છે તેમાંથી ચારિત્રની રમણતા પ્રગટ થાય તે આત્મા છે. એ રીતે જીવને અને મલિન તથા નિર્મળ પર્યાયને વ્યતિરેક નથી–જુદાઈ નથી–એમ નિશ્ચયથી દેખવું–જ્ઞાન અપેક્ષાએ દેખવું.

હવે, શરીર વાણી આદિ પરદ્રવ્ય સાથે જુદાઈ વડે તથા દર્શન–જ્ઞાન આદિ જીવ–સ્વભાવ સાથે તથા પુણ્ય–પાપના ભાવને જીવસ્વભાવ સાથે જુદાઈ નહીં હોવાથી અતિ–વ્યાપ્તિને અને અવ્યાપ્તિને દૂર કરે છે. પુણ્ય–પાપના ભાવ તે આત્માની પર્યાય હોવાથી પોતામાં વ્યાપે છે, પરમાં વ્યાપતું નથી તથા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર આત્મામાં વ્યાપે છે પરમાં વ્યાપતા નથી. આ તો પ્રભુનો માર્ગ છે, તે બે–નયનો છે, વ્યવહારનય ને નિશ્ચયનય, દ્રવ્યાર્થિકનય ને પર્યાયાર્થિકનય, અહીં આશ્રય કરવાની અપેક્ષાએ વાત ચાલતી નથી.

## * શુભાશુભભાવનું મૂળ મિથ્યાત્વ છે *

હવે કહે છે કે શુભાશુભનું મૂળ વિભ્રમ છે, મિથ્યાત્વ તેનું મૂળ છે. પુણ્ય–પાપ તે આત્મા છે એમ કહીને હવે કહે છે કે તેનું મૂળ મિથ્યાત્વ છે. જેમ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે તેમ પુણ્ય–પાપનું મૂળ મિથ્યાત્વ છે. ચારિત્ર તે ધર્મ છે ને ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે તેમ અચારિત્રદશારૂપ પુણ્ય–પાપનું મૂળ મિથ્યાત્વ છે.

પુણ્ય–પાપને આત્મા કહ્યો પણ તેની ઉત્પતિ થવાનું કારણ શું?–કે અનાદિનો વિભ્રમ તે કારણ છે. કેમ કે એવી કોઈ શક્તિ આત્મામાં નથી કે પુણ્ય–પાપ થાય, થાય છે ભલે આત્માની પર્યાયમાં, પણ તેનું મૂળ મિથ્યાદર્શન છે. કેમ કે પુણ્ય–પાપના ભાવ તે–અધર્મ છે અને તેનું મૂળ વિભ્રમ છે. ચારિત્રરૂપ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે અને પુણ્ય–પાપ રૂપ અધર્મનું મૂળ મિથ્યાદર્શન છે. ચારિત્ર તે ધર્મ છે ને પુણ્ય–પાપ તે અધર્મ છે. તે બન્ને છે તેની પર્યાયમાં, પણ તે પુણ્ય–પાપનું મૂળ કોણ છે?–કે અનાદિનો વિભ્રમ તેનું મૂળ છે, એટલે કે રાગના પ્રેમરૂપ અનાદિ મિથ્યાત્વપણું તે પુણ્ય–પાપનું મૂળ છે.

પુણ્ય–પાપ તે પરસમય છે. ઉપર કહ્યું હતું કે તે આત્મા છે હવે કહે છે કે તે અણાત્મા છે, કેમ કે પર્યાય તરીકે ભલે તે આત્મા છે પણ દ્રવ્ય તરીકે તે અણાત્મા છે એમ કહીને મિથ્યાત્વ જેનું મૂળ છે એવા પુણ્ય–પાપને કાઢી નાખવા છે.

## * ધર્મનું મૂળ સમ્યગ્દર્શન-અધર્મનું મૂળ મિથ્યાત્વ *
## * ધર્મનું ફળ મોક્ષ-અધર્મનું ફળ સંસાર *

ચારિત્ર તે ધર્મ અને તેનું મૂળ સમ્યગ્દર્શન તથા તેનું ફળ કેવળજ્ઞાન, તેની સામે કહે છે કે તું ભગવાન સ્વરૂપ છો પણ તેને ભૂલી જવું તે ભ્રમણા છે, એ ભ્રમણા પુણ્ય–પાપરૂપી અધર્મનું મૂળ છે અને તેનું ફળ સંસાર છે. પરમ આનંદનો લાભ તે મોક્ષ ને મોક્ષનું કારણ તે ચારિત્રદશા અને તેનું મૂળ સમ્યગ્દર્શન છે. તેનાથી ઉલ્ટી વાત બતાવે છે કે સંસારનું કારણ પુણ્ય–પાપ ભાવરૂપ અધર્મદશા છે અને તેનું મૂળ અનાદિની વિભ્રમદશા–અનાદિ–મિથ્યાદર્શન છે. સંસારના પાપ તો સંસારમાં રખડવાનું કારણ છે જ પણ પુણ્ય તે પણ સંસારનું કારણ છે એમ કહે છે. ચાર ગતિ તે કલંક છે, કેમ કે મેસુબને મરેલાં ગધેડાના સડેલા ચામડામાં વીંટવાની જેમ આનંદના નાથને ચાર ગતિમાં રોકાવાપણું છે. ‘બહેનશ્રીનાં વચનામૃત’ માં આવે છે કે પુણ્યના ભાવમાં આવવું તે પરદેશ છે.

અહીં ચારિત્ર સિદ્ધ કરવું છે તેથી કહે છે કે પુણ્ય–પાપરૂપ પરસમયને દૂર કરીને એટલે કે અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા પુણ્ય–પાપના ભાવ કે જેનું ફળ સંસાર છે એવા પરસમયને દૂર કરીને પોતે પ્રવર્જ્યા પામે છે. પુણ્ય–પાપના દુઃખરૂપ ભાવને દૂર કરીને આનંદના નાથમાં આનંદની રમણતા કરે તે ચારિત્ર છે, તે દીક્ષા છે. પરસમયને દૂર કરીને એમ કહેતાં મિથ્યાત્વનો નાશ કરીને અને પુણ્ય–પાપના ભાવને પણ દૂર કરીને એમ બન્ને વાત આવી જાય છે.

દ્રષ્ટિનો વિષય અભેદ ત્રિકાળી છે તેની અપેક્ષાએ શુભાશુભભાવ પુદ્‌ગલના છે પણ એકાંત માની લે તો તેમ નથી તેમ અહીં કહે છે. શુભાશુભ આત્માની પર્યાયમાં છે પણ તેની ઉત્પત્તિનું મૂળ મિથ્યાત્વ છે, મિથ્યાત્વ એટલે અસત્ય માન્યતા તે પુણ્ય–પાપની ઉત્પત્તિનું મૂળ છે. રાગ પર્યાયમાં છે, પણ પર્યાયબુદ્ધિ કરે છે તે વિભ્રમ–મિથ્યાત્વ છે.

## * સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે સ્વસમય *
## * પુણ્ય-પાપના ભાવ તે પરસમય *

પહેલા એમ કહ્યું કે પુણ્ય–પાપ તે આત્મા છે. હવે કહે છે કે તે પરસમય છે તેથી તેને દૂર કરતાં સ્વરૂપની રમણતા થાય છે તે સ્વસમય છે. પુણ્ય–પાપમાં સ્થિતિ હતી તેને દૂર કરીને સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્રમાં સ્થિતિ તે સ્વસમય છે. પુણ્ય–પાપ તો રાગ છે, તે

મોક્ષમાર્ગ ન હતો, તેથી તેને દૂર કરીને વીતરાગી પરિણતીરૂપ મોક્ષમાર્ગને પોતાનામાં જ પરિણત કરીને પૂર્ણ વિજ્ઞાનઘન પરમાત્મસ્વરૂપને સાક્ષાત્ પ્રાપ્ત કર્યો છે. દ્રવ્યસ્વભાવ તો પરમાત્મસ્વરૂપ છે પણ પર્યાયમાં પરમાત્માસ્વરૂપને સાક્ષાત્ પ્રાપ્ત કરે છે.

વસ્તુ પોતે તો સમયસાર સ્વરૂપ જ છે પણ પર્યાયમાં સમયસાર સ્વરૂપ થઈ ગયો તે સાક્ષાત્ સમયસારભૂત થયો. ભાવકર્મ–દ્રવ્યકર્મ–નોકર્મ રહિત પર્યાયનું થવું તે સાક્ષાત્ સમયસારભૂતછે. પૂર્ણ વિજ્ઞાનઘનને પ્રત્યક્ષ અનુભવવું–દેખવું–જાણવું તે કેવળજ્ઞાન છે. ત્રણલોક, ત્રણકાળને જાણે તે કેવળજ્ઞાન છે એમ ન કહેતાં પૂર્ણ વિજ્ઞાનઘન સ્વરૂપને સ્વસંવેદન પ્રત્યક્ષ કરવું તે કેવળજ્ઞાન એમ કહ્યું છે.

## * જ્ઞાન તે જ આત્મા *

હવે જયચંદજી પંડિત ભાવાર્થમાં કહે છે કે સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન ને પોતાના પર્યાયથી અભિન્ન બતાવીને અતિવ્યાપ્તિ ને અવ્યાપ્તિ દોષ દૂર કર્યાં. આત્માનું લક્ષણ ઉપયોગ છે, જ્ઞાનનો ઉપયોગ તે આત્માનું લક્ષણ છે, તે લક્ષણ બીજા અચેતન પદાર્થમાં નથી. તેથી તે લક્ષણ અતિવ્યાપ્તિવાળું નથી અને પોતાની સર્વ અવસ્થામાં છે તેથી તે અવ્યાપ્તિવાળું નથી, જ્ઞાન કઈ અવસ્થામાં ન હોય? બધી જ અવસ્થામાં હોય, તેથી આત્માનું જ્ઞાન લક્ષણ અવ્યાપ્તિ દોષ રહિત છે.

આત્મામાં અનંતા ધર્મો છે તેમાં કેટલાંક ધર્મો એવા છે કે તે છદ્મસ્થને ખ્યાલમાં ન આવી શકે તેથી તેનાથી આત્મા ન ઓળખી શકાય, કેટલાક ધર્મો છ એ દ્રવ્યોમાં સામાન્ય છે તેથી તે લક્ષણથી આત્મા જાણી ન શકાય અને કેટલાક ધર્મો પરદ્રવ્યના નિમિત્તથી થાય છે–પુણ્ય–પાપ એ પરદ્રવ્યના નિમિત્તે થાય છે તેથી તેનાથી આત્માનું પરમાર્થ સ્વરૂપ જાણી શકાતું નથી. તેથી છદ્મસ્થ જ્ઞાનલક્ષણ વડે જ આત્માને જાણી શકે છે માટે અહીં જ્ઞાનને પ્રધાન કરીને આત્માનો અંધકાર કહ્યો છે. વળી જ્ઞાનને જ આત્મા કહ્યો છે કેમ કે અભેદવિવક્ષામાં ગુણ અને ગુણી એટલે કે જ્ઞાનગુણ અને આત્માગુણી એવો ભેદ નથી.

જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપનું જ્ઞાન ન હોવાથી અનાદિ અજ્ઞાનથી શુભાશુભ ભાવની ઉત્પત્તિ થાય છે, તે ખરેખર પરસમય છે, તે આત્મા નથી પણ અણાત્મા છે. શુભ ઉપયોગ કે અશુભ ઉપયોગ બન્ને અનાદિ અજ્ઞાનથી ઉત્પન્ન થતી પરસમયની પ્રવૃત્તિ છે, તેને દૂર કરે છે તેનો અર્થ એ થયો કે પોતાના ચૈતન્યસ્વભાવનો આશ્રય કરીને શુભાશુભનું મૂળ જે મિથ્યાત્વ તેનો નાશ કરીને પછી ચૈતન્યસ્વભાવમાં એકાગ્રતાપૂર્વક ઠરીને શુભાશુભને દૂર કરીને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પ્રવૃત્તિ કરે છે અને તે સ્વસમય છે.

શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્માની પ્રતીતિ તે સમ્યગ્દર્શન, તેનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન તેમાં રમણતા તે સમ્યક્ચારિત્ર, તે મોક્ષમાર્ગ છે. તેની પ્રવૃત્તિરૂપ સ્વસમય છે.

અતીન્દ્રિય આનંદના નાથનું શ્રદ્ધામાં–આનંદમાં પરિણમન થવું તે મોક્ષમાર્ગ છે. આત્માના આનંદ ને જ્ઞાનનું પરિણમન તે સ્વ–સમયરૂપ પરિણમન છે અને તે મોક્ષમાર્ગ છે, એવા મોક્ષમાર્ગમાં પોતાને પરિણમાવતાં કેવળજ્ઞાનને પામે છે. પોતાના વીતરાગી પર્યાયરૂપે પરિણમન કરતાં કરતાં પૂર્ણ કેવળજ્ઞાન અર્થાત્ સંપૂર્ણ વિજ્ઞાનસ્વભાવને પામે છે. એ કેવળજ્ઞાન ત્યાગગ્રહણ રહિત છે, રાગનો ત્યાગ ને સ્વરૂપનું ગ્રહણ એ પણ ત્યાં રહ્યું નથી.

વસ્તુ તો સમયસાર સ્વરૂપ છે જ, આત્મા પોતે જ સમયસાર સ્વરૂપ છે. પરંતુ અહીં તો કહે છે કે વીતરાગ પર્યાયરૂપે પરિણમન કરતાં કરતાં સંપૂર્ણ વિજ્ઞાનઘન સ્વભાવને પામે છે એવું કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ સમયસાર સ્વરૂપ થાય છે, તે જ પરમાર્થભૂત છે. એવા શુદ્ધ પૂર્ણ આત્મદ્રવ્યને અનુભવવો, દેખવો. એ 'દેખવું'–ત્રણ પ્રકારે છે તે કહે છેઃ

## * પ્રથમ પ્રકારનું 'દેખવું' *

ત્રિકાળી સત્યાર્થ પૂર્ણાનંદ પ્રભુને શુદ્ધનયનો વિષય અથવા શુદ્ધનય કહે છે. તેનું એટલે કે પૂર્ણ જ્ઞાનસ્વરૂપ વસ્તુનું જ્ઞાન કરીને શ્રદ્ધાન કરવું, પ્રતીતિ કરવી; જ્ઞાનની પર્યાયમાં અનંત શક્તિના સાગર પૂર્ણ જ્ઞાનસ્વભાવ આત્માને જ્ઞેય કરીને તેની શ્રદ્ધા કરવી તે પ્રથમ પ્રકારનું 'દેખવું' છે. પ્રથમ પ્રકારનું આ દેખવું અવિરતદશામાં પણ હોય છે એટલે કે નરકમાં રહેલાં શ્રેણિકરાજાને પણ એ દેખવું છે. આવું દેખવું ચોથા ગુણસ્થાને પણ હોય છે, પાંચમે ગુણસ્થાને પણ હોય છે અને છઠ્ઠે ગુણસ્થાને પણ હોય છે, છઠ્ઠે હજુ અપ્રમત્તદશા નથી તેથી ત્યાં પણ પ્રથમ પ્રકારનું દેખવું હોય છે.

## * બીજા તથા ત્રીજા પ્રકારનું 'દેખવું' *

ત્યારપછી સર્વ વિકલ્પનો ત્યાગ કરીને એટલે કે અંતરમાં આનંદની દશામાં રમતાં રમતાં અપ્રમત્તદશા થાય છે. જાણવાનો ઉપયોગ છે તેને અંતરમાં સ્થિર કરવો, પોતાનો ત્રિકાળી સ્વભાવ સિદ્ધ સમાન પરિપૂર્ણ વસ્તુ છે તેને ધ્યાનમાં લઈને અંતરમાં ઠરવાનો અભ્યાસ કરવો એટલે કે અંદરમાં રમવું. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થયા પછી પણ એમાં વારંવાર જવું એટલે કે જ્ઞાનનો જે વર્તમાન વેપાર–ઉપયોગ છે તે પરમાં જાય છે તેને જ્ઞાનની મૂર્તિ છે ત્યાં જોડી દેવો. આત્મા પૂર્ણાનંદનો નાથ છે તેમાં ઉપયોગને થંભાવવો, એકાગ્ર કરવો તે બીજા પ્રકારનું દેખવું છે.

જેવું સિદ્ધનું સ્વરૂપ છે તેવું પોતાનું સ્વરૂપ સમ્યગ્દર્શનમાં જાણ્યું હતું તેવું જ સિદ્ધસમાન સ્વરૂપ વર્તમાન ધ્યાનની પર્યાયમાં ધ્યેય બનાવીને અંતરમાં વારંવાર જવું તે બીજા નંબરનું–બીજા પ્રકારનું 'દેખવું' છે. આવું દેખવું અપ્રમત્ત દશામાં થાય છે. અતીન્દ્રિય આનંદના નાથમાં રમણતાં કરતાં કરતાં જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી આવો અભ્યાસ–અંતરની એકાગ્રતાનો અભ્યાસ નિરંતર કરવો.

અહીં સુધી એટલે કે અપ્રમત્ત દશા સુધી પરોક્ષ દેખવું છે. કેવળજ્ઞાન–સર્વજ્ઞપદ પ્રાપ્ત થતાં સાક્ષાત્ દેખવું થાય છે, તે ત્રીજા પ્રકારનું દેખવું છે, ઝળહળ જ્યોતિનું પૂર્ણ પ્રગટ થવું તે પૂર્ણ જ્ઞાનનું પ્રત્યક્ષ દેખવું છે.

## અવશ્ય પ્રાપ્ત જશે જ.......

'જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય જ.' આ વાણી બહેનશ્રીની છે પણ એ દિવ્યધ્વનિની વાણી છે. જાગતો જીવ એટલે જ્ઞાયક જીવ, ઊભો છે એટલે કે ધ્રુવ છે તે ક્યાં જાય? સમયસાર ગાથા ૧૧ માં જે જ્ઞાયકભાવ કહ્યો છે તે જ મર્મ અહીં સાદી ભાષામાં કહ્યો છે. જ્ઞાયક જીવ ઊભો છે ને! ધ્રુવ છે તે ક્યાં જાય? બહારમાં આવી જાય? શરીરમાં આવી જાય? રાગમાં આવી જાય? ક્ષણીક પર્યાયમાં આવી જાય? ક્યાં જાય? જ્ઞાયક છે તે ધ્રુવભાવ છે, ટકતો ભાવ છે તે ઊભો જ છે ને! તે ક્યાં જાય? પલટતી ચીજ છે તેનો બીજે સમયે નાશ થાય પણ ધ્રુવ વસ્તુ ક્યાં જાય? જ્ઞાયકભાવ તો ઊભો જ છે ને! પડયો જ છે ને! તેને શોધવા જવું પડે તેમ નથી, તે જરૂર પ્રાપ્ત થશે જ. ગમે તેટલા ભવ થયા, ગમે તેટલા રાગદ્વેષ થયા પણ જાગતો જીવ નિત્યાનંદ પ્રભુ છે એ ક્યાં જાય? ક્ષણીક પર્યાયમાં આવતો નથી એ બીજે ક્યાં જાય? ઊભો જ છે તેથી અવશ્ય પ્રાપ્ત થશે જ.

# ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર માંગલિકરૂપે પૂજ્ય ગુરુદેવનું પ્રવચન

[ કારતક સુદ પાંચમના રોજ બોટાદવાળા શ્રી હસમુખભાઈ કાંતિલાલ ગાંધી (મુંબઈ) ના મકાનના વાસ્તુ પ્રસંગે કહાન-નગર સોસાયટી, સોનગઢમાં થયેલા પ્રવચનમાંથી ]

## દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે.

(પૃષ્ઠ-૮૪)

‘બહેનશ્રીનાં વચનામૃત’ નું આજે મુહૂર્ત થાય છે. હસુભાઈએ માગણી કરી હતી કે આજે થોડું શરૂ કરવું. હસમુખભાઈ ૪૨ વર્ષની નાની વયમાં પોતાના ધીકતા ધંધામાંથી નિવૃત્ત થઈને સત્‌સમાગમ માટે અહીં રહેવા આવ્યા છે. તેમણે આત્મહિત માટે નાની ઉંમરમાં પણ ઘણી હિંમત કરી છે. બીજા ૬૦–૭૦ વર્ષે પણ અને છોકરાઓ ધંધો આદિ સંભાળતાં હોવા છતાં પણ નિવૃત્ત થતાં નથી, તેને આ પ્રેરણા લેવા જેવું છે.

આ બહેનશ્રીનાં વચન છે કે દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે. છ–દ્રવ્યની સમુચ્ચયપણે વાત છે પણ આત્માની મુખ્ય વાત છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવે સર્વજ્ઞપણામાં છ–દ્રવ્યો દેખ્યા છે. અહીં આપણે છ દ્રવ્યોમાં આત્મા મુખ્ય લેવો છે. બીજા અનંતા પરમાણુ–જડ છે, આકાશ છે, ધર્માસ્તિ વિગેરે છે પણ અહીં તો આત્માની વાત લેવી છે.

ભગવાન આત્મા આ શરીર–જડથી ભિન્ન છે, અંદર જે આઠકર્મ છે એ પણ જડ છે, ભિન્ન છે અને અંદરમાં દયા–દાન–વ્રત–ભક્તિના પરિણામ થાય એ પુણ્ય છે તે પણ આત્માથી ભિન્ન ચીજ છે અને હિંસા–જૂઠું–વિષય–ભોગ–વાસનાના ભાવ તે પાપવાસના છે, તે પણ આત્માથી ભિન્ન છે ને ભગવાન આત્મા તેનાથી ભિન્ન છે. સર્વજ્ઞ જિનેન્દ્રદેવે એને એવો જોયો છે કે તે શુદ્ધ ચૈતન્યઘન છે, અતીન્દ્રિય આનંદઘન

છે, પણ એની એને ખબર નથી. અનંત કાળથી એમ ને એમ ૮૪ લાખ યોનિમાં અવતાર ગાળ્યા, અવતાર કરીને મરી ગયો પણ પોતે વસ્તુ શું છે એનું એણે જ્ઞાન કર્યું નહીં.

પ્રભુ ચૈતન્યમૂર્તિ છે, સ્વયંસિદ્ધ ચીજ છે, જે અવિનાશી છે, જેની ઉત્પત્તિ નથી. છે તેની ઉત્પત્તિ શું ? અને છે તેનો નાશ શું ? અને છે તે ચીજ પોતાના ગુણ–સ્વભાવથી ખાલી ન હોય. સાકર જેમ તેના ગળપણના સ્વભાવથી ખાલી ન હોય તેમ ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદના સ્વભાવથી ભરેલી ચીજ છે. તેને અહીં દ્રવ્ય કહેવામાં આવે છે.

અહીં કહે છે કે સત્ શાશ્વત સચ્ચિદાનંદ પ્રભુ ભગવાન કે જે છલોછલ જ્ઞાન ને અતીન્દ્રિય આનંદથી ભરેલો છે તેને દ્રવ્ય–આત્મદ્રવ્ય કહેવામાં આવે છે, એ દ્રવ્ય એને કહેવાય કે જેના કાર્યને માટે એટલે કે જેની વર્તમાન દશાને માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે.

આ તો સર્વજ્ઞદેવની અમૃતવાણી છે, જિનેશ્વરદેવ જે કહે છે તે વાણી, અહીં છે. અતીન્દ્રિય આનંદની દશા પ્રગટ કરવા માટે એટલે કે આત્માને મોક્ષના કારણરૂપ મોક્ષમાર્ગના કાર્યને માટે બીજાં સાધનોની અર્થાત્ શરીર–વાણી–મન કે દયા–દાન આદિના પુણ્યના પરિણામની રાહ ન જોવી પડે–જરૂર ન પડે તેને દ્રવ્ય કહેવાય.

આ વાણી– 'બહેનશ્રીનાં વચનામૃત'–છે તો બહેનશ્રીની વાણી, પણ જે વીતરાગની વાણી છે તે બહેનશ્રીએ કહી છે. ૮૪ માં પાના પરનો આ બોલ ૮૪ લાખના ફેરા ટાળનારો બોલ છે.

અહીં કહે છે કે વર્તમાન દશામાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગને પ્રગટ કરવા માટે બીજાં સાધનોની રાહની જરૂર પડતી નથી, રાહ જોવી પડતી નથી તેને દ્રવ્ય કહે છે. મોક્ષ એટલે કે અતીન્દ્રિય આનંદની પૂર્ણ દશા, તે કાર્ય છે અને તેનું કારણ જે મોક્ષમાર્ગ તે પણ દશા–કાર્ય છે; એ કાર્ય માટે બીજાં સાધનોની જરૂર પડતી નથી. શરીરની અનુકૂળતા હોય કે બહારની અનુકૂળતા હોય કે દયા–દાનની કે દેશનલબ્ધિની કે રાગની મંદતાની આદિ સાધનોની જેના કાર્યને માટે જરૂર પડતી નથી તેને આત્મા કહીએ.

મનુષ્યપણું હોય તો જ આત્માનું કાર્ય થાય, ઇત્યાદિ કોઈ પણ સાધનોની તેને જરૂર પડતી નથી. આનંદના નાથ એવા આત્માના ધર્મના કાર્યને માટે, મોક્ષમાર્ગના

કાર્યને માટે, મોક્ષના કાર્યને માટે બીજા સાધનોની રાહ જોવી ન પડે. પૂર્ણાનંદના નાથના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ કાર્ય માટે વ્યવહારરત્નત્રયના રાગની રાહ જોવી ન પડે. અંતરમાં વસવા માટે બહારના વિકલ્પના કારણોની રાહ જોવી ન પડે.

સંસારના કાર્ય તો પાપ છે, અહીં તેની વાત છે જ નહીં, અહીં તો આત્માના આનંદની શાંતિના કાર્ય માટે બીજા કોઈ સાધનોની જરૂર નથી, રાહ જોવી પડતી નથી તેમ કહ્યું છે.

હવે બીજો બોલ કહે છેઃ

## ...જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ? જરૂર પ્રાપ્ત થાય જ. [ પૃષ્ઠ ૧૦૦ ]

જાગતો જીવ ઊભો છે–એ કાંઈ કથા નથી ભાઈ ! આ તો અલૌકિક વાત છે. જાગતો જીવ ઊભો છે ને !–શું કહે છે ?–કે આ જગત છે તેને જાણે છે એ જાણનારો ચૈતન્ય આત્મા છે, જાણનારો જ્ઞાયકપ્રભુ છે. જાણનાર... જાણનાર... જાણનારના રસથી ભરેલો જીવ તે જાગતો જીવ છે. અંદર ચૈતન્યમૂર્તિ ભગવાન જાગતો જીવ છે, ચૈતન્યના સ્વ–પર પ્રકાશકના સ્વભાવથી ભરેલો ભગવાન એ જાગતો જીવ છે. શાસ્ત્ર–ભાષાએ તેને જ્ઞાયક કહે છે પણ આ તો સાદી–સરળ ગુજરાતી ભાષામાં તેને જાગતો જીવ કહ્યો છે. જાગતો જીવ ઊભો છે એટલે ?–કે જાગતો જીવ ધ્રુવ છે....ધ્રુવ છે......છે.... છે.....છે....તે અનાદિથી છે, ધ્રુવપણે છે, ધ્રુવ નિત્યાનંદપણે જ્ઞાયકભાવ છે તે ક્યાં જાય ? જેની સત્તામાં જગત જણાય છે એ જાણનારો ભગવાન જ્ઞાયક સચ્ચિદાનંદ પ્રભુ એ તો જાગતો છે, ઊંઘતો નથી પણ જાગતો જ્ઞાયક છે, તે ઊભો છે એટલે કે નિત્ય છે, અનાદિનો જ્ઞાયક છે તે નિત્ય છે.

આ વાણી બહેનશ્રીની છે પણ તે દિવ્યધ્વનિની છે. પ્રભુ ! તું જાણગસ્વભાવે ઊભો છે. ધ્રુવ છે ને ! તે ક્યાં જાય ? એ શું શરીરમાં આવે ?–એ શું રાગમાં આવે ?–કે એક સમયની પર્યાયમાં આવે ? જાગતો જીવ અનાદિ અનંત પ્રભુ છે તે ક્યાં જાય ? જેમ હરણની નાભીમાં કસ્તૂરી છે તેમ તારા નિજઘરમાં જ્ઞાયકભાવ ભરેલો છે. જાણગ...જાણગ...જાણગ...એવા જ્ઞાનરસથી ભરેલું તત્ત્વ છે તે ક્યાં જાય ? ધ્રુવવસ્તુ છે તે ક્યાં જાય ? પલટતી અવસ્થા છે એ તો પલટે, એક સમયમાં

[ અનુસંધાન ૨૧ મા પાને ]

# બાર અંગનો સારઃ નિજ શુદ્ધ આત્માની અનુભૂતિ કરો

**અહીં બહુ સરસ વાત કરી છે. કોઈ એમ માને કે અમને શાસ્ત્રનો ઘણો અભ્યાસ છે. એટલે એટલા આગળ વધ્યા છીએ તો તેને કહે છે કે બાર અંગનું ક્ષયોપશમ જ્ઞાન તે પણ મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન વિના બાર અંગનું જ્ઞાન હોય જ નહીં પરંતુ ક્ષયોપશમ જ્ઞાન તે મોક્ષમાર્ગ નથી. બાર અંગમાં પણ એમ જ કહ્યું છે કે નિજ શુદ્ધ આત્માની અનુભૂતિ કરો. અનુભૂતિ કરવી તે જ મોક્ષમાર્ગ છે અને તે જ બાર અંગનો સાર છે. આત્માને અનુલક્ષીને આત્માને અનુભવવો તે અનુભૂતિ છે અને તે એક જ મોક્ષમાર્ગ છે, દયા-દાન કે પંચમહાવ્રતાદિ વ્યવહારરત્નત્રય તે મોક્ષમાર્ગ નથી.**

[ શ્રી કલશટીકા, કલશ-૧૩, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આત્મા આનંદ સ્વરૂપ છે, તેમાં વસવાટ કરવાથી શુદ્ધતા થાય છે. કેવો છે આત્મા ?–કે સર્વાંગ જ્ઞાનગુણનો સમૂહ છે. જેને સુખી થવું હોય તેને કહે છે કે શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે સર્વાંગ જ્ઞાનથી ભરેલી છે. તેની સન્મુખ થવું તે સુખી થવાનો માર્ગ છે, તે ધર્મ છે. સર્વાંગ જ્ઞાનથી ભરેલી ચૈતન્યવસ્તુમાં રહેતાં શુદ્ધતા થાય છે અને અશુદ્ધતા નાશ થાય છે. તેનું નામ પોતાનું હિત એટલે કે કલ્યાણ છે.

અરે ! અનાદિથી તને વિજ્ઞાનઘન આત્માની મહિમા બેઠી નથી, અનાદિથી બાહ્ય ચીજમાં આશ્ચર્યતાને કારણે પોતાના જ્ઞાનસ્વરૂપ કરતાં પરમાં કાંઈક વિશેષતા તથા વિસ્મયતા લાગતાં ત્યાંથી ખસતો નથી. ભગવાન આત્મા સર્વાંગે જ્ઞાનથી ભરેલો છે એટલે કે અસંખ્ય પ્રદેશે જ્ઞાનથી ભરેલો છે, તેની અદ્‌ભુતતાને નિહાળવા એકવાર પ્રયત્ન તો કર !

હવે કહે છે કે એવો આત્મા કઈ રીતે શુદ્ધ થાય ? એટલે કે શું કરવું એ વાત

કહે છે કે અનાદિથી જ્ઞાનની અવસ્થા વિકારના પરિણામમાં રોકાયેલ છે તે દુઃખરૂપ છે, તે ભવભ્રમણનું બીજ છે. તેને ટાળવા માટે વ્યવહારરત્નત્રયના રાગની પણ અપેક્ષા વિના પોતે પોતામાં પેસીને એટલે કે જ્ઞાનની પર્યાયને જ્ઞાનસ્વભાવમાં સ્થાપીને આત્મા શુદ્ધ થાય છે. એ સિવાય કોઈ ક્રિયાકાંડથી આત્મા શુદ્ધ થતો નથી કેમ કે ભગવાન આત્મા પુણ્ય–પાપના ભાવથી રહિત છે ને જ્ઞાનનો પુંજ છે.

શું કરીને શુદ્ધ થાય ?–કે પોતે સર્વાંગ જ્ઞાનથી ભરેલો પ્રભુ છે તેનું જ્ઞાનની દશા દ્વારા જ્ઞાનમાં સ્થાપન કરવાથી શુદ્ધ થાય અને ત્યારે તેનું અકલ્યાણ ટળે ને ધર્મ થાય. ભગવાન ચૈતન્યસ્વરૂપ અને અતીન્દ્રિય જ્ઞાનાનંદથી સર્વાંગે ભરેલો શુદ્ધ આત્મા છે, તેનો અંતરમાં અનુભવ કરવા માટે તેને કોઈ પરદ્રવ્યની સહાયની જરૂર નથી. અનુભવ માટે વીતરાગી દેવ–ગુરુની પણ સહાયની જરૂર નથી. જ્યાં દયા–દાનના વિકલ્પોની પહોંચ નથી એવા પોતાના દ્રવ્યસ્વભાવને પોતે જ અનુભવતાં પરદ્રવ્યની સહાયની બિલકુલ જરૂર નથી.

જેને હિત કરવું છે, જેને અધર્મનો નાશ કરી ધાર્મિક દ્રષ્ટિ કરવી છે તેણે તો પોતાથી પોતાને પોતામાં સ્થાપવો કે જે અનંતકાળમાં કોઈ દિ' કર્યું નથી. સર્વાંગે જ્ઞાનાનંદથી ભરેલો પોતાનો આત્મા છે તેની એક સમયમાત્ર પણ દ્રષ્ટિ કરતાં રોમે રોમે, પ્રદેશે પ્રદેશે આનંદ પ્રગટે છે, માટે તું તને તારામાં સ્થાપ તો રાગ વિનાની દશાથી –નિર્મળ દશાથી તને શુદ્ધતા પ્રાપ્ત થશે. વ્યવહારરત્નત્રયના વિકલ્પથી તો અશુદ્ધતા ને બંધન પ્રાપ્ત થશે.

તેથી–જેમાં રાગ ને પરદ્રવ્યની જરૂર નહીં હોવાથી–પોતામાં જ પોતાથી આત્મા શુદ્ધ થાય છે, શુદ્ધ પરિણતિથી આત્મા શુદ્ધ થાય છે. સર્વાંગે જ્ઞાનથી ભરેલો પદાર્થ છે, તેના અનુભવ માટે નિમિત્તથી કે રાગની સહાય જોઈતી નથી. સદાકાળ જ્ઞાન ને આનંદના રસથી ભરેલો આત્મા છે પણ જેમાં તું નથી ત્યાં તારી દશા રોકાયેલ છે તેથી તે દશાને ત્યાંથી ફેરવીને જ્યાં તું છો ત્યાં લઈ જા.

હવે પ્રશ્ન કરે છે કે અહીં કહ્યું કે આત્માની સન્મુખતા કરીને અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય ને ક્યાંક એમ કહો કે જ્ઞાનગુણનો અનુભવ કરતાં શુદ્ધ થાય અર્થાત્ ક્યાંક દ્રવ્યનો અનુભવ કરતાં શુદ્ધ થાય ને ક્યાંક ગુણનો અનુભવ કરતાં શુદ્ધ થાય, તો બંનેમાં વિશેષતા શું છે ? –ફેર શું છે ?

ઉત્તમ આમ છે કે બેમાં વિશેષતા–ફેર કાંઈ નથી. ભગવાન આત્મા જ્ઞાન ને અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે તેનો પ્રત્યક્ષરૂપે આસ્વાદ તે આત્માનુભૂતિ છે અને તે જ

જ્ઞાનાનુભૂતિ છે. જેમ અનાદિનો રાગ–દ્વેષનો સ્વાદ લ્યે છે તેમ ભગવાન આત્મા જ્ઞાન ને આનંદથી સર્વાંગે ભરેલો છે તેની દ્રષ્ટિ કરતાં આત્માનો પ્રત્યક્ષરૂપે સ્વાદ આવે છે. આત્મા શુદ્ધ સ્વભાવથી ભરેલી વસ્તુ છે, જીવદ્રવ્ય જેવું છે તેવો નિરુપાધિપણે આસ્વાદ આવવો તેનું નામ શુદ્ધાત્માનુભવ છે, તે ધર્મ છે, અને નિશ્ચયથી જે આત્માનુભૂતિ છે, અતીન્દ્રિય આનંદનો આસ્વાદ છે તે જ જ્ઞાનની અનુભૂતિ છે. દ્રવ્યથી આત્માનુભૂતિ કહીને તથા ગુણથી જ્ઞાનાભૂતિ કહી પણ ગુણ–ગુણી અભેદ હોવાથી બંને એક જ છે, બેમાં કાંઈ ફેર જ નથી, માત્ર નામભેદ છે, વસ્તુભેદ નથી.

પરમાત્માના માર્ગમાં આત્માના આનંદનો સ્વાદ લેવો તે જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. ભગવાન જ્ઞાન ને આનંદથી સર્વાંગે ભરેલો પ્રભુ છે, તેની સન્મુખ થઈને આનંદનો આસ્વાદ કરવો તે જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.

એમ જાણવું કે ત્રિકાળી ચૈતન્ય પ્રભુ નિત્ય શુદ્ધ પ્રવાહ પડયો છે તેની સન્મુખ થવું તે મોક્ષમાર્ગ છે. એ સિવાય દયા–દાન આદિના શુભભાવ તે મોક્ષમાર્ગ નથી, પર્યાય દ્રષ્ટિથી છૂટીને દ્રવ્યદ્રષ્ટિ થવી તે મોક્ષમાર્ગ છે. અહીં કોઈને સંશય થાય કે ૧૨ અંગનું જ્ઞાન થવું તે અપૂર્વ લબ્ધિ છે કેમ તે પૂર્વે કદી થયું નથી, તો તેને કહે છે કે તે અપૂર્વ નથી કારણ કે બાર અંગનું જ્ઞાન તે મોક્ષમાર્ગ નથી, બાર અંગમાં પર તરફનું લક્ષ હોવાથી તે વિકલ્પ છે, તે ક્ષયોપશમજ્ઞાન છે, તેમાં વિકલ્પ ઊઠે છે તેથી તે મોક્ષનું કારણ નથી. બાર અંગનું ક્ષયોપશમજ્ઞાન થઈ જાય તોપણ તેમાં ભેદ છે, વિકલ્પ છે, તે કાંઈ મોક્ષમાર્ગ નથી.

અહીં જ્ઞાનના ક્ષયોપશમનું વજન નથી પણ અનુભૂતિનું વજન છે. તેથી કહે છે કે આત્માને અનુલક્ષીને આત્માના સ્વાદનો અનુભવ થવો તે અનુભૂતિ છે અને બાર અંગમાં પણ અનુભૂતિનું વર્ણન કર્યું છે–અનુભૂતિ કરવાનું કહ્યું છે. અનાકુળ જ્ઞાન ને અનાકુળ આનંદનો અનુભવ કરવો એમ બાર અંગમાં કહ્યું છે, શુદ્ધ આત્માની દ્રષ્ટિ કરીને સ્થિરતા કરવી એમ તેમાં કહ્યું છે. બાર અંગથી વિશેષ જ્ઞાન ન હોય, તેમાં ચારેય અનુયોગનું જ્ઞાન આવી જાય છે–એવું ઉત્કૃષ્ટ બાર અંગનું જ્ઞાન તે મોક્ષમાર્ગ નથી. બાર અંગવાળાને સમ્યગ્દર્શન હોય– સમ્યગ્દર્શન વિના બાર અંગનું જ્ઞાન ન જ હોય પણ તે ક્ષયોપશમજ્ઞાન તે મોક્ષમાર્ગ નથી પરન્તુ અનુભુતિ તે મોક્ષમાર્ગ છે. આટલો બધો ઉઘાડ થયો માટે મોક્ષમાર્ગ વધી ગયો તેમ નથી, બાર અંગમાં તો એમ કહેવામાં આવ્યું છે કે –દિવ્યધ્વનિમાં એમ આવ્યું છે કે અનંત અનંત ગુણનો ભંડાર પ્રભુ છે ને તેની અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે. બાર અંગમાં પરમાત્માની સન્મુખતાનો અભ્યાસ કરવો એમ કહ્યું છે.

પ્રશ્નઃ– આપ તો કહો છો કે રોજ ૩–૪ કલાક વાંચન કરવું જોઈએ ને અહીં કહે છે કે બાર અંગનું ક્ષયોપશમજ્ઞાન અપૂર્વ નથી, તેમાં કહેલ શુદ્ધાત્માની અનુભૂતિ અપૂર્વ છે.

ઉત્તરઃ– અજ્ઞાન હોવાથી અનેક પ્રકારના અજ્ઞાનના નિવારણ માટે ૩–૪ કલાક શાસ્ત્ર વાંચન કરવું જોઈએ પણ શાસ્ત્રમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માની અનુભૂતિ કરવી તે સાર છે, માટે વાંચીને તે કરવાનું છે. આત્માના લક્ષે શાસ્ત્રનો અભ્યાસ કરવો તેમ પ્રવચનસારમાં કહ્યું છે, અને અહીં બાર અંગ અપૂર્વ નથી તેમ કહીને એમ કહ્યું છે કે ઉઘાડ ઓછો હો કે વધુ હો તે કાંઈ ચીજ નથી પણ દ્રષ્ટિ અને તેમાં સ્થિરતા–ચારિત્ર તે મુખ્ય વસ્તુ છે, તે મોક્ષમાર્ગ છે.

ભગવાન આત્માને દ્રષ્ટિમાં લઈને તેનું આચરણ કરવું તે અનુભૂતિ છે, તે કરવાનું બાર અંગમાં કહ્યું છે. બાર અંગનો તે સાર છે. પ્રવચનસારમાં કહ્યું છે કે વિશેષ ક્ષયોપશમથી બસ થાઓ, અમે આત્માનો અનુભવ કરીએ તે જ અમારી ચીજ છે, વિશેષ ઉઘાડથી શું?

અરે! આવો અવસર મળે ક્યારે? માંડ નિગોદમાંથી નીકળે!–ત્યાં આવો અવતાર, જૈનધર્મ ને આવો યોગ....ફરી ક્યારે મળે! માટે અનુભૂતિ કરવી એ એક જ સાર છે. અરે, મનુષ્યપણું ચાલ્યું જાય છે! મોટો ભવસિંધુ પડયો છે તેનો વિચાર કર્યો છે? તારે ક્યાં જવું છે? માટે આ દુર્લભ ભવમાં બાર અંગના સારરૂપ શુદ્ધાત્માનુભૂતિ કરી લે.

(અનુસંધાન ૧૭ મા પાનાનું ચાલુ)

આવે ને જાય, પણ ધ્રુવવસ્તુ છે તે ક્યાં જાય? તે ઊભો જ છે ને! તેથી જરૂર પ્રાપ્ત થાય.

તે ઊભો છે ત્યાં તારે જવું છે, અંદર ધ્રુવ ભગવાન ઊભો છે ત્યાં જતાં તે તને જરૂર પ્રાપ્ત થશે, ધ્રુવ ઊભો જ છે, તેને શોધવા જવું પડે તેમ નથી. છે ત્યાં જવું છે, જરૂર પ્રાપ્ત થશે. છે તે ક્યાં જાય? નિત્યાનંદ પ્રભુ છે તે અનિત્યમાં પણ ન આવે તો બીજે તો ક્યાં જાય? ધ્રુવ છે તે ક્યાં જાય? અનાદિ, અંત વિનાની ચીજ છે તે ક્યાં જાય?–માટે ત્યાં નજર કર તો જરૂર પ્રાપ્ત થાય, ત્યાં નજર કરે તો નિધાન મળે તેવું છે પણ ત્યાં નજર કરવી જોઈએ. ધ્રુવ જ્યાં બિરાજે છે ત્યાં નજર કરી નથી, ત્યાં નજર કરે તો તે અવશ્ય પ્રાપ્ત થાય જ.

## જ્ઞા..ન......ગો..ષ્ઠી

( પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા તથા સહજ ઉદ્‌ગારો )

* બહારના બધા કાર્યોમાં મર્યાદા હોય છે, શુભ–અશુભ ભાવો છે તેની મર્યાદા છે, સીમા છે, અમર્યાદીત તો અનંત જ્ઞાન ને અનંત આનંદ સ્વભાવી આત્મા છે. જે મર્યાદીત છે તેનાથી પાછા વળી શકાય છે, મિથ્યાત્વ રાગાદિ મર્યાદિત છે તેથી તેનાથી પાછા હઠીને પાછા વળી શકાય છે. જો વિભાવ મર્યાદીત ન હોત તો જીવ તેનાથી કદી પાછો વળી શકે જ નહિ. જ્ઞાનાદિ બેહદ સ્વભાવ છે તો તેનાથી જીવ પાછો વળતો નથી પણ રાગાદિ મર્યાદિત છે, અલ્પ કાલીન છે, તેનાથી જીવ પાછો વળી શકે છે.

* એક દ્રવ્યની અંદર કોઈપણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ ભાસતું નથી. જ્ઞાન જ્ઞેયને જાણે છે એ તો જ્ઞાનની જાણવાની સ્વચ્છતાનું સામર્થ છે, તોપણ જ્ઞાનને અન્ય દ્રવ્યની સાથે સ્પર્શ હોવાની માન્યતાથી જગત આકુલિત થાય છે. જ્ઞાનમાં વીંછીનો ડંખ–કરડ ભાસે ત્યાં વીંછી મને કરડયો તેમ માની દુઃખી થાય છે. જ્ઞાન રાગને જાણતા રાગમયપણે પોતાને માની આકુલિત થાય છે. જ્ઞાન રાગને કે અન્ય દ્રવ્યોને અડતું–સ્પર્શતું નથી. જ્ઞાન જ્ઞેયને જાણે એ તો જ્ઞાનની સ્વચ્છતાનું સામર્થ છે.

* પ્રશ્નઃ– વ્યક્તપર્યાય છે તે ખ્યાલમાં આવે છે પણ અવ્યક્ત દ્રવ્યનો શી રીતે ખ્યાલ આવે ?

  ઉત્તરઃ–પહેલાં શાસ્ત્ર આદિથી જાણપણું કરવું જોઈએ. રાગની પર્યાય વ્યક્ત છે તે તો ખ્યાલમાં લ્યે છે પણ તેની પાછળ અવ્યક્ત ભગવાન પડયો છે તેને લક્ષમાં લેવો જોઈએ. વ્યક્ત પર્યાયનું અસ્તિત્વ તો એક સમયનું છે, તેની પાછળ અવ્યક્ત ભગવાન છે તેનું ત્રિકાળ ટકતું મહાન અસ્તિત્વ પડયું છે તેને લક્ષમાં લઈને તેના સંસ્કારને પહેલાં દ્રઢ કરવા જોઈએ. લાખ વાત બીજી આવે, ક્રિયાકાંડ–શુભરાગ અનેક પ્રકારના હો, પણ તેમાં લક્ષ જતાં લાભ નથી, નુકશાન છે, સ્વના આશ્રયથી જ લાભ થાય છે, એવા દ્રઢ સંસ્કાર પહેલાં નાખે તો પછી અવ્યક્ત ભગવાન અનુભવમાં આવે છે.

* સમ્યગ્દ્રષ્ટિએ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કર્યો ત્યાર પછી એક ક્ષણ પણ તે છોડવા લાયક નથી. પરમાત્માને પડખે આવ્યો પછી એક ક્ષણ પણ પરમાત્માનું પડખું છોડવા લાયક નથી અને પુણ્ય–પાપના પડખે ચડવા જેવું નથી. એક ક્ષણ પણ શુદ્ધાત્માને વિસ્મરણ કરવા યોગ્ય

નથી. રાગનું કાર્ય કદી પણ ગ્રહણ કરવા લાયક નથી અને શુદ્ધાત્માને કદી પણ છોડવા લાયક નથી. જેને રાગનો રંગ ચડી ગયો છે તેને પરમાત્માનો રંગ કેમ ચડે? અને જેને પરમાત્માનો રંગ ચડી ગયો છે તેને રાગનો રંગ કેમ ચડે? હજુ સમ્યગ્દૃષ્ટિને રાગ આવે છે ખરો, પણ રાગનો રંગ ચડતો નથી અને શુદ્ધાત્માનો રંગ એક સમય માત્ર પણ ઉતરતો નથી. સમ્યગ્દૃષ્ટિને અતીન્દ્રિય સુખનો અનુભવ ધારા પ્રવાહરૂપથી ચાલે છે તે એની મોટપ છે.

* હાથી કોઠા નામના ફળને ખાય છે, પેટમાં તેનો રસ ચુસાઈ ને કોઠા આખાને આખા બહાર નીકળે છે, તેમ સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માએ ચૈતન્યનો રસ લીધો છે તેને બહારમાં રાગ દેખાય છે પણ અંદર ચૈતન્યનો રસ ચૂસે છે, બહારમાં રાગના ખોખા ભલે એવા ને એવા દેખાય પણ અંદર ચૈતન્યનો રસ ચુસી લ્યે છે.

* એક સમયની ભૂલ; બાકી આખો ભગવાન સ્વભાવ મહા પ્રભુ છે એને છોડી રાગને દેખતાં ભગવાનને દેખવામાં અંતરાય પડી ગયો છે. રાગને ભૂલીને ભગવાનને દેખે તો અંતરાય તૂટી જાય.

* પ્રશ્નઃ– જાડીબુદ્ધિ હોય તો રાગ અને આત્માનું ભેદજ્ઞાન કેમ કરી શકે?

  ઉત્તરઃ– આત્માની બુદ્ધિ જાડી નથી, આત્માનો રસ ને રુચિ હોય તો બુદ્ધિ કામ કરે છે. સંસારના કામનો રસ હોય છે તો ત્યાં બુદ્ધિ જાડી રહેતી નથી. બધા પડખાનો વિવેક કરીને લાભ થાય તેમ કરે છે. જ્યાં રુચિ હોય ત્યાં વીર્ય કામ કરે છે, બુદ્ધિ કામ કરે છે. જો આત્માનો રસ જાગે, રુચિ જાગે તો વીર્ય પણ કામ કરે છે, બુદ્ધિ પણ કામ કરે છે અને ભેદજ્ઞાન પામે છે. આત્માના કાર્ય માટે આત્માની સાચી રુચિની જરૂર છે.

* પ્રશ્નઃ– અંતરનો માર્ગ બહુ કઠણ લાગે છે?

  ઉત્તરઃ– અંતરનો માર્ગ કઠણ નથી, સહેલો છે, હળવો છે, સરળ છે. કઠણ તો જે થઈ શકે નહીં તે હોય. લાખ પ્રયત્ન કરે છતાં પરમાણુ આત્માનો થાય નહિ એથી એ કઠણ કહેવાય પણ આત્માનો માર્ગ તો અંતરના પ્રયત્નથી પમાય છે. માટે તે જ થઈ શકે તેવું તેનું સરળ ને સહજ કાર્ય છે, માત્ર અણુ–અભ્યાસથી કઠણ લાગે છે.

* પ્રશ્નઃ–સ્વરૂપનો અનુભવ થયો ન હોય અને શુભને હેય જાણવાથી સ્વછંદી થઈ ન જાય?

  ઉત્તરઃ–શુભરાગને હેય જાણવાથી શુભ રાગ છૂટતો નથી, સ્વભાવનું મહાત્મ્ય આવતાં શુભરાગનું મહાત્મ્ય છૂટી જાય છે પણ શુભરાગ છૂટતો નથી. શુભરાગ તો ભૂમિકા અનુસાર એના કાળે આવ્યા વિના રહેશે નહિ. વસ્તુનું જેવું સ્વરૂપ હોય તેવું સાચું જ્ઞાન કરવાથી સ્વછંદતા થઈ શકે નહિ.

* જેમ પુત્રમાં પ્તિાની અણસાર આવે છે તેમ મોક્ષમાર્ગી મુનિઓમાં વીતરાગી જિન ભગવાનની અણસાર–વીતરાગતાની અણસાર આવે છે શાંત....શાંત....વીતરાગતા....અકષાય તરવરે છે. ‘બહેનશ્રીનાં વચનામૃત’ વાંચશે તેના કાળજામાં સત્યના ઘા વાગી જાય એવી વાતો છે. આ પક્ષની વાત નથી, વસ્તુ સ્થિતિની વાત છે.

* પ્રશ્નઃ– આ સત્ય વાત સાંભળવા છતાં અત્યારે ધર્મ ન પામે તો ?

ઉત્તરઃ– સત્યનું શ્રવણ આદિ રસ પૂર્વક કરે છે તેથી તેનાથી સંસ્કાર પડે છે. એ સંસ્કારથી ધર્મ પમાય છે. ભલે અત્યારે વિકલ્પ ન તૂટે તોપણ એના સંસ્કારથી આગળ વધીને ધર્મ પામે છે.

* ભગવાન આત્મા મુક્ત સ્વરૂપ છે. તેમાં જેટલી એકાગ્રતા કરે છે એટલી મુક્તિ અનુભવાય છે. જેટલો રાગ બાકી છે તેનો અનુભવ સંસારરૂપ અનુભવાય છે. સાધકને અંતરદ્રષ્ટિમાં મુક્તિ દેખાય છે–અનુભવાય છે અને જેટલો રાગ બાકી છે એટલો તેને સંસારભાવનો અનુભવ છે. સાધકને એકબાજુ રાગમાં ભવ દેખાય છે અને અંતરમાં મુક્તિ અનુભવાય છે. એક જ સાધકપર્યાયમાં બન્ને ભાવ અનુભવાય છે. આવી જીવવસ્તુનો મહિમા અદ્ભૂત આશ્ચર્યકારી છે.

* અગ્નિનો ઉષ્ણ સ્વભાવ કાયમ છે, ગોળનો ગળપણ સ્વભાવ કાયમ છે, અફીણનો કડવાશ સ્વભાવ કાયમ છે, સૂર્યનો પ્રકાશ સ્વભાવ કાયમ છે, બરફનો શીતળ સ્વભાવ કાયમ છે, તેમ ભગવાન આત્માનો જ્ઞાયકસ્વભાવ–ચેતનાસ્વભાવ કાયમ છે. જ્ઞાયકસ્વભાવી આત્મા સ્વપરને જાણવા દેખવા સિવાય બીજું શું કરે ?

* મરણનો સમય આવશે તે કાંઈ પૂછીને નહિ આવે કે લ્યો હવે તમારે મરવાનો કાળ આવ્યો છે ! અરે ! સ્વપ્ન જેવો સંસાર છે, કોના કુટુંબ ને કોના મકાન મિલ્કત ! એકદમ ફુ થઈને ક્ષણમાં દેહ છૂટી જશે. કુટુંબ કીર્તિ ને મકાન બધું અહીં પડયું રહેશે. અંદરથી ભગવાનને છૂટો પાડયો હશે તો મરણ સમયે છૂટો રહેશે; જો દેહની ભિન્નતા નહિ કરી હોય તો મરણ સમયે ભીંસમાં ભીંસાઈ જશે, માટે ટાણા છે ત્યાં દેહથી ભિન્નતા કરી લેવા જેવું છે.

* આત્માનું ભાન થયા પછી સમ્યગ્દ્રષ્ટિને પાંચ ઇન્દ્રિયના વિષયના સંસ્કાર પડયા છે અને ચારિત્રમોહથી તેમાં જોડાઈ જાય છે તેથી આત્મા ભૂલાઈ જાય છે એમ નથી. દ્રષ્ટિમાં આત્મા તરવરે છે, આત્માને ભૂલી જતો નથી. ભલે છ–ખંડના રાજ્યનો ભોગવટો હોય છતાં સમ્યગ્દ્રષ્ટિને દ્રષ્ટિમાં આત્મા તરવરે છે, ભૂલાતો નથી.

* ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરીને ભૂતાર્થ કહ્યો અને પર્યાયને અભૂતાર્થ કહી એટલે કે પર્યાય નથી એમ કહ્યું ત્યાં

પર્યાયને ગૌણ કરીને નથી એમ કહ્યું છે, એથી પર્યાય સર્વથા નથી જ એમ નથી. તેમ સમ્યગ્દ્રષ્ટિને રાગ નથી, દુઃખ નથી તેમ કહ્યું છે એથી પર્યાયમાં રાગ કે દુઃખ સર્વથા નથી જ એમ નથી. પર્યાયમાં જેટલો રાગ છે એટલું દુઃખ પણ છે. સમ્યગ્દ્રષ્ટિને રાગ કે દુઃખ નથી એમ કહ્યું છે એ તો દ્રષ્ટિની પ્રધાનતાથી કહ્યું છે પણ પર્યાયમાં જેટલો આનંદ છે તેને પણ જ્ઞાન જાણે છે અને જેટલો રાગ છે એટલું દુઃખ પણ સાધકને છે તેમ જાણે છે. પર્યાયમાં રાગ છે, દુઃખ છે, તેને જો જાણે નહિ તો ધારણાજ્ઞાનમાં પણ ભૂલે છે. સમ્યગ્દ્રષ્ટિને દ્રષ્ટિનું જોર બતાવવા આસ્રવ નથી તેમ કહ્યું છે પણ જો આસ્રવ સર્વથા ન હોય તો મુક્તિ હોવી જોઈએ! કર્તા–કર્મ–અધિકારમાં સમ્યગ્દ્રષ્ટિને રાગ થાય છે તેનો કર્તા પુદ્‌ગલ કર્મ છે, આત્મા કર્તા નથી તેમ કહ્યું છે અને પ્રવચનસારમાં જ્ઞાનીને રાગ થાય છે તેનો કર્તા આત્મા છે, રાગનો અધિષ્ઠાતા આત્મા છે તેમ કહ્યું, છતાં એકાન્ત માને કે જ્ઞાની રાગનો કે દુઃખનો કર્તા કે ભોક્તા નથી તે નયવિવક્ષાને સમજતો નહિ હોવાથી મિથ્યા દ્રષ્ટિ છે.

* રાગ છે તે ચુડેલ–ડાકણ સમાન છે, રાગનો પ્રેમ કરવાથી એ તને ખાઈ જશે –ભરખી જશે. પાપરાગની તો શું વાત! પણ શુભરાગ કે જેણે હજારો રાણી છોડીને રાજપાટ છોડીને પંચમહાવ્રતના શુભ–રાગમાં પ્રેમ કર્યો છે તે આનંદસ્વરૂપ આત્માને ઘાયલ કરે છે, મારી નાખે છે. વીતરાગભાવ ધર્મ છે તેને રાગભાવથી ધર્મ મનાવે તે વીતરાગના વેરી છે, પાપી મિથ્યાદ્રષ્ટિ છે.

* જ્યારે સ્ત્રીનો ધણી મરી જાય ને રાંડે છે ત્યારે દુનિયા તે સ્ત્રીને દુઃખાણી કહે છે પણ ખરેખર તે સ્ત્રી દુઃખાણી નથી પણ તેને આત્માનું હિત કરવા નિવૃત્તિ મળી છે. અહીં દુઃખાણી એટલે દુઃખીયા એને કહે છે કે જે રાગમાં અને પુણ્ય–પાપના ભાવમાં એકતા માની આનંદકંદ સ્વભાવ છે તેને ભૂલી ગયો છે, તે ખરેખર દુઃખાણો એટલે દુઃખીયો છે; જગતથી ભગવાનનો માર્ગ જુદો છે.

* એક પર્યાય જેટલો પોતાને માનવો એ પણ મિથ્યાત્વ છે તો રાગને પોતાનો માનવો, શરીરને પોતાનું માનવું, માતા–પિતા–પત્નિ–ધન–મકાનને પોતાનાં માનવા એ તો મોટું મિથ્યાત્વ છે. અહાહા! એને બહુ ફરવું પડશે! અનેક પ્રકારના મિથ્યાત્વના લાકડા છોડશે ત્યારે આત્માની સન્મુખ જઈ શકાશે.

* એક ગામથી બીજે ગામ જાય તોય ભાતું સાથે લઈને જાય છે તો બીજા ભવમાં જવા માટે કાંઈ ભાતું હોય કે નહિ? શ્રદ્ધા–જ્ઞાનનું ભાતું સાથે લઈને જવું જોઈએ, બાયડી સામે જોવે તો પાપ,

છોકરા સામું જોવે તો પાપ, પૈસા સામું જોવે તો પાપ, પર સામું જોતાં બધે પાપ....પાપ....ને....પાપ છે. અરે! ક્યાં એને જવું છે? રાગ અને હું એક છું એવું મિથ્યાત્વનું ભાતું લઈને જવું છે? રાગથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ હું છું એવું ભાતું સાથે લઈ જાય તો આગળ વધવામાં એને કામ આવશે. અંદરમાં અસંખ્ય પ્રદેશમાં ઊંડે ઊંડે તળીયે ધ્રુવમાં પર્યાયને લઈ જવાની છે. એ તો ધીરાના–વીરાના કામ છે.

* આત્મા પરમાત્મા સ્વરૂપ જ છે, અરે! પરમાત્મા તારી પાસે જ છે. તું જ પરમાત્મા છો એની સામું તો જોતો નથી ને ધૂળમાં ફાંફા મારે છો? સંતોએ મારગ સહેલો કરી દીધો છે, તું છો ત્યા જા! તું નથી ત્યાંથી ખસી જા!

* પ્રશ્નઃ– જ્ઞાનનો સ્વભાવ જાણવાનો જ છે તો પોતે પોતાને કેમ નથી જાણતો?

ઉત્તરઃ– જ્ઞાન પોતાને જાણે છે, એનો સ્વભાવ પોતાને જાણવાનો છે પણ અજ્ઞાનીની દ્રષ્ટિ પર ઉપર છે એટલે પોતે જણાતો નથી, પરમાં ક્યાંક ક્યાંક અધિકતા પડી છે એટલે બીજાને અધિક માનતો હોવાથી પોતે જણાતો નથી. અધિકપણાનું એનું બળ પરમાં જાય છે. તેથી પોતે જણાતો નથી.

* પ્રશ્નઃ– સમ્યગ્દ્રષ્ટિને અશુભમાં આયુષ્ય બંધાય?

ઉત્તરઃ–સમ્યગ્દ્રષ્ટિને ચોથે પાંચમે વેપાર–વિષય આદિનો અશુભ રાગ પણ હોય છે છતાં સમ્યગ્દર્શનનું એવું માહાત્મ્ય છે કે તેને અશુભ ભાવ વખતે આયુષ્ય બંધાય નહિ, શુભભાવમાં જ આયુષ્ય બંધાય છે. સમ્યગ્દર્શનનો એવો પ્રભાવ છે કે તેને ભવ વધે તો નહિ, પણ હલકો ભવ પણ હોય નહિ, સ્વર્ગ આદિનો ઊંચો ભવ જ હોય.

* સમ્યગ્દર્શન થતા નિઃશંકતા તો પહેલો ધડાકે આવે છે, સ્વાનુભવ પ્રત્યક્ષ થતાં હવે કેવલજ્ઞાન થશે જ એવી નિઃશંકતા આવી જાય છે. સમ્યગ્દ્રષ્ટિનું નિઃશંક એક અંગ છે ને! મહા પ્રભુ ચૈતન્યને શ્રદ્ધામાં સ્વીકાર્યો, જ્ઞાનમાં સ્વીકાર્યો તેને કેવલજ્ઞાન થયે છુટકો થશે. મતિજ્ઞાન થયું તે કેવલજ્ઞાનને બોલાવે છે કે આવ....ભાઈ....આવ....તું પ્રગટ થા, હું તને બોલાવું છું. અસ્થિરતા છોડી દે તેમ જોર કરે છે. સાંભળીને પાવર ફાટે એવી વાત છે, કાયરના કાળજા કાંપે ને વીર્યવાનને પુરુષાર્થ ફાટે એવી વાત છે.

* શાસ્ત્રજ્ઞાન તે દ્રવ્યલિંગ છે, નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધા તે દ્રવ્યલિંગ છે અને છ જીવનિકાયનું ચારિત્ર તે પણ દ્રવ્યલિંગ છે, શરીરનું નગ્નપણું તે પણ દ્રવ્યલિંગ છે, શાસ્ત્રના વિકલ્પો, પંચમહાવ્રત આદિના વિકલ્પો એ બધું દ્રવ્યલિંગ છે. એ દ્રવ્યલિંગમાં સંતો ન રોકાણા અને

ભાવલિંગરૂપ દર્શન–જ્ઞાન–ચારિત્રનું સેવન કરતાં થકા મોક્ષમાર્ગ અને મોક્ષને પામ્યા. જો દ્રવ્યલિંગ મોક્ષનું કારણ હોત તો તેને છોડીને અંદર આત્માના આશ્રયે કેમ જાત? જે શ્રદ્ધા–જ્ઞાનને ચૈતન્ય પ્રભુનો આશ્રય નથી એ શ્રદ્ધા–જ્ઞાન દ્રવ્યલિંગ છે, શરીર–આશ્રિત છે, પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નથી.

* પ્રશ્નઃ– જ્ઞાનગુણમાં જેટલા અવિભાગ–પ્રતિચ્છેદ છે એટલા અવિભાગ–પ્રતિચ્છેદ બધા ગુણોમાં છે?

  ઉત્તરઃ– હા, જેટલા અવિભાગ–પ્રતિચ્છેદ એક જ્ઞાનગુણમાં છે તેટલા જ અવિભાગ–પ્રતિચ્છેદ શ્રદ્ધા–ચારિત્ર–વીર્ય આદિ બધા ગુણોમાં છે. જેનો ભાગ કરતાં બીજો ભાગ થઈ શકે નહિ એવા અવિભાગ–પ્રતિચ્છેદ એક ગુણમાં અનંત છે, એ અનંત અવિભાગ–પ્રતિચ્છેદ કેવળજ્ઞાન થતાં પૂરા પ્રગટ થવા છતાં જ્ઞાનગુણમાંથી તે ઘટતાં નથી, એવો જ સ્વભાવ છે. આ બહુ ઝીણી વાત છે. જ્ઞાન સિવાઈ બીજા ગુણો જાણતાં નથી એથી બીજા ગુણોના અવિભાગ–પ્રતિચ્છેદ ઓછા છે એમ નથી.

* શરીર–ધન–મકાન આદિ અનુકુળતા દેખીને તને વિસ્મયતા અને કુતુહલતા આવે છે તો ભગવાન આત્મા મહિમાવંત પદાર્થ છે, અજાયબઘર છે તેનું કુતુહલ તો કર! ભગવાન સર્વજ્ઞદેવે જેના આટલા–આટલા વખાણ ને મહિમા કર્યો છે એવો આત્મા કેવો છે તેને દેખવા કુતુહલ તો કર! એકવાર વિસ્મયતા તો કર કે તું કેવડો મોટો મહાન પદાર્થ છો! તેને દેખવા–અનુભવવાનું કુતુહલ તો કર! નરકનો નારકી મહા પીડામાં પડયો છે પણ આવા મહાન આત્માની કુતુહલતા કરીને આત્માને અનુભવે છે તો તું આવા અનુકુળ યોગમાં એકવાર કુતુહલ તો કર!

* પ્રશ્નઃ– દુઃખનું વેદન એ તો પુદ્‌ગલની પર્યાય છે ને?

  ઉત્તરઃ– કોણે કહ્યું પુદ્‌ગલની પર્યાય છે? જીવની પર્યાય છે. દુઃખનું વેદન જીવની પર્યાયમાં થાય; એ તો જીવમાંથી નિકળી જાય છે અને દુઃખ એ જીવનો સ્વભાવ નથી અને પુદ્‌ગલના લક્ષે રાગ–દુઃખ થાય છે તેથી દ્રવ્યદ્રષ્ટિ કરાવવાના હેતુથી તેને પુદ્‌ગલની પર્યાય કહી છે, પણ દુઃખનું વેદન પુદ્‌ગલમાં થતું નથી, જીવની પર્યાયમાં દુઃખનું વેદન થાય છે.

* અહાહા! ભગવાન સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિ છૂટતી હશે ને ઇન્દ્ર, નરેન્દ્ર, સિંહ ને મોટામોટા સર્પ આદિ દેહનું ભાન ભૂલીને સાંભળતા હશે! અહા! એની શું વાત! એ ભગવાનના વિરહ પડયા! પણ તારા દ્રવ્ય સ્વભાવના કદી વિરહ નથી. હો! તું પોતે જ પરમેશ્વર છો, એનો આશ્રય લે ને તેમાં વીહાર કર! અન્યદ્રવ્યમાં વીહાર ન કર!

## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત વિષે

( શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ, શ્રી દિ. જૈન મુમુક્ષુ મહામંડળ તથા શ્રી દિ. જૈન મુમુક્ષુમંડળ, મુંબઈના સેક્રેટરી શ્રી ચિમનલાલ ઠાકરશી મોદીનો )

# એક પ્રમોદપૂર્ણ પત્ર

श्री जिनेन्द्रदेवाय नमः।

श्री सद्गुरुदेवाय नमः। મુંબઈ, તા. ૧-૧૧-૭૭

**ધર્મસ્નેહી આત્માર્થી ભાઈશ્રી. ..................................................................**

**શ્રી સોનગઢ**

પૂજ્ય કૃપાનાથ સદ્‌ગુરુદેવશ્રી સુખશાતામાં બિરાજતા હશે. મારા વતી ભક્તિભાવે વંદન કરશોજી.

સવિનય નિવેદન કે પૂજ્ય ભગવતી માતા બહેનશ્રી ચંપાબેનનાં ‘વચનામૃતો’ પ્રકાશિત થયા બાદ મને મળતાં, તેનો તુરત જ સ્વાધ્યાય કરતાં, તે વખતે જે ભાવ ઉલ્લસિત થયા હતા તે આપને લખવા ઈચ્છતો હતો; પરંતુ મારા પક્ષે પ્રમાદવશતાને લીધે તેમ જ કાર્યપક્ષે કર્તૃસાધન અને કરણસાધનના અભાવને લઈને કાર્યનું યોગ્યતાની હદમાં આવવાનું ન બનવાથી લેખનરૂપ કાર્ય થયું નહિ. હવે આપની પાસે મારો ઉલ્લાસ નમ્રપણે રજુ કરું છુંઃ–

પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતોનો સ્વાધ્યાય કરતાં એવો ભાવ થયો કે ‘આ તો પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતો છે કે ભગવાનના દિવ્યધ્વનિના સારરૂપ આગમવચનામૃતો છે’ !

શબ્દરચના, જ્ઞાનરચના, ભાવરચના, મંથનરચના અને અનુભવરચનાથી સર્વાંગ–સુંદરપણે રચાયેલી આ કૃતિની–અનુભવના રંગે રંગાયેલી–તરબોળ થયેલી, ભેદપક્ષે ગ્રંથરાજની નાનીશી આવૃત્તિ અને અભેદપક્ષે ગ્રંથરાજ જ હોય એવો નિશ્ચય ઉપસાવતી આ ગહન છતાં સરળ રચનાની–આવી સાંગોપાંગ સરસતા, મનોહરતા અને મધુરતા દ્રષ્ટિગોચર થતાં એમ લાગે છે કે આ ‘વચનામૃત’–પુસ્તક ખરેખર આ કાળનું અલૌકિક રત્ન છે.

પૂજ્ય બહેનશ્રીની અંતર્–અનુભવદશાની તો વાત જ શી! તેનું વર્ણન તેમ જ તેનો મહિમા કરવો તો અશક્ય જ છે, પણ અંતર્–અનુભવદશામાંથી બહાર આવતાં નીકળેલા અમૂલ્ય વચનમૌક્તિકોથી ગૂંથાયેલી આ કૃતિ પણ ખરેખર અદ્ભૂત જ છે.

પરમ દેવાધિદેવ જૈન પરમેશ્વરના દિવ્યધ્વનિને પર્યાયાર્થિકનયથી જોતાં, ગણધર ભગવાન દ્વારા રચિત બાર અંગ કે ચૌદ પૂર્વરૂપે, અંગપ્રવિષ્ટ કે અંગબાહ્યરૂપે, પરંપરાનુસાર આચાર્યભગવંતોથી રચાયેલા પરમાગમરૂપે, કોઈ પણ જ્ઞાની સંતોની લઘુકાય કૃતિઓરૂપે, પરંપરા અનુસાર પૂજ્ય સદ્ગુરુદેવશ્રીના ઉપદેશરૂપે કે આ નવપ્રકાશિત 'વચનામૃતો' રૂપે તે ભેદરૂપ દેખાય; પણ દ્રવ્યાર્થિકનયથી જોતાં, તે દિવ્યધ્વનિથી માંડી આ વચનામૃતો સુધી અન્વયપણે–સામાન્ય સ્વભાવથી–ભેદમાત્ર ગૌણ થતાં, આ વચનામૃતો દિવ્યધ્વનિના સાગરમાં ગર્ભિત થતાં માલુમ પડે છે, કેમ કે દરેકનો સાર વીતરાગતા છે.

સૂત્રજીના નિયમ અનુસાર સૂત્રમાં અલ્પ અક્ષરો–શબ્દો વિદ્વત્તાને સૂચવે છે, તેમ આ વચનામૃતોમાં બહુત્વાતીત અક્ષરો, અલ્પ શબ્દો અને ટૂંકા માર્મિક વાક્યો જાણે સાગરની ગંભીરતાને ઓળંગી જતા હોય એમ ભાસે છે. આવી આ કૃતિ, નિમિત્તતાનો ધર્મ બજાવતી, જ્ઞાન અને આનંદને પમાડતી ચિત્તને પ્રસન્નતા અર્પે છે.

પૂજ્ય કૃપાળુ સદ્ગુરુદેવશ્રી વારંવાર આપણને પૂજ્ય બહેનશ્રી તથા તેમના ગુણોનું માહાત્મ્ય જે ફરમાવે છે તે આ કૃતિથી વિશેષ સાર્થક ઠરે છે, એટલું જ નહિ પણ આજ સુધી જેમને પૂજ્ય બહેનશ્રી તથા તેમના ગુણોનો પરિચય અને મહિમા હતો નહિ તેમને આ 'વચનામૃતો' તેમનો માહાત્મ્યપૂર્વક પરિચય કરાવે છે, મહિમા ઉપજાવે છે.

જયવંત વર્તો આ વચનામૃતો કે જે, અંતર્ અનુભવમાંથી બહાર આવતી દશામાં પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી નીકળેલાં, અમૂલ્ય મૌક્તિકમાળારૂપે ગૂંથાયેલા દિવ્યધ્વનિના સારરૂપ આગમવચનામૃતો છે.

પૂજ્ય કૃપાળુ સદ્ગુરુદેવશ્રીનો તો આપણા ઉપર અનંત–અનંત ઉપકાર વર્તે છે જ, પણ જેમણે પોતાની આંતરિક નિર્મળ દશાથી તેમ જ જાતિસ્મરણજ્ઞાનથી–દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધાની દ્રઢતાના કારણરૂપ જ્ઞાનથી–આપણને પ્રભાવિત કર્યા છે તે ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો પણ અનંત ઉપકાર છે.

આ કૃતિનું શીર્ષક 'બહેનશ્રીનાં વચનામૃત' છે, તેના બદલે 'પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી ગૂંથાયેલાં આગમવચનામૃતો' એવું શીર્ષક રાખ્યું હોય તો સારું

–એવું મારું નમ્ર સૂચન છે. બીજું સૂચન એ છે કે અત્યારે વચનામૃતોનું સંકલન જે અક્રમે છે તેના બદલે ગુરુનું દાસત્ત્વ, દેવ–ગુરુનો મહિમા, અનુભવપૂર્વક જોયેલી મુનિ–દશાની સ્થિતિનું વર્ણન, દ્રવ્ય–ગુણ–પર્યાય, સમ્યગ્દર્શનનો વિષય અને અનુભવદશા–આ રીતે જો વિષયવાર સંકલનનો ક્રમ હોય તો સ્વાધ્યાય કરતાં અનુકૂળ રહે. આ તો મારું માત્ર નમ્ર સૂચન છે. આમ તો આ કૃતિમાં દરેક વિષયની સાંગોપાંગ રચના એટલી સુંદરતાથી રજુ થયેલ છે કે જેથી કોઈને વિરોધનો નાનો સરખો ભાસમાત્ર પણ ન થાય. એવી સર્વાંગ અવિરોધતાને પામેલી આ કૃતિ ખરેખર ધન્ય છે.

ખરેખર આ પ્રકાશન દ્વારા પૂજ્ય કૃપાળુ સદ્ગુરુદેવશ્રીના ઉપદેશના ગહન મર્મને સ્પષ્ટપણે ખોલવાની પૂજ્ય બહેનશ્રીની અલૌકિક શૈલીનાં દર્શન થાય છે.

વંદન હો પૂજ્ય કૃપાનાથ સદ્ગુરુદેવશ્રીને, વંદન હો પૂજ્ય સદ્ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત, આપણને દાસત્ત્વનો આદર્શ આપનાર પૂજ્ય ભગવતી માતા બહેનશ્રી ચંપાબેનને અને વંદન હો તેઓશ્રીનાં આ આગમવચનામૃતોની કૃતિને.

ધન્ય છે આ વચનામૃતોનું સંકલન કરનાર બ્રાહ્મચારી બહેનો.

પૂજ્ય બહેનશ્રી સુખશાતામાં બિરાજતા હશે. મારા વતી ભક્તિભાવે વંદન કરશોજી.

દાસત્ત્વ ઈચ્છતા–
ચીમનલાલ મોદીનાં
સદ્ગુરુવંદન

નવા પ્રકાશનઃ-

| ગુજરાતી | કિંમત | હિંદી | કિંમત |
|---|---|---|---|
| ૧ ચિદ્વિલાસ | ૧–૭૫ | શ્રાવકધર્મ પ્રકાશ | ૩–૫૦ |
| ૨. આત્મઅવલોકન | ૩–૦૦ | સમયસાર કળશ–ટીકા | ૫–૦૦ |
| ૩. સમાધિતંત્ર | ૭–૦૦ | બૃહદ્દ્રવ્યસંગ્રહ | ૮–૦૦ |
| ૪. ગુજરાતી નિયમસાર ગ્રંથ | ૯–૦૦ | ભેદવિજ્ઞાનસાર | ૨–૫૦ |
| ૫. સમયસાર કળશ–ટીકા | ૭–૦૦ | | |

# વૈરાગ્ય સમાચારઃ-

* વઢવાણના રહીશ, હાલ મુંબઈનિવાસી શેઠ શ્રી પોપટલાલ મોહનલાલ વોરા (વર્ષ ૭૧) તા. ૧૯-૧૧-૭૭ ના રોજ મુંબઈ મુકામે રાત્રિના હાર્ટ-ફેઈલ થવાથી માત્ર પાંચ મિનિટમાં જ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તા. ૧૨-૧૧-૭૭ ના સવારે પૂજ્ય ગુરુદેવશ્રીને મુંબઈ પધારવા વિનંતી કરવા આવેલ હતા. ને તા. ૧૭-૧૧-૭૭ ના રોજ મુંબઈ પાછા ફરેલા. પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપહારિણી અમૃતવાણીનો લાભ લેવા માટે તેઓ વારંવાર મહિનાઓ સુધી સોનગઢમાં રહેતા હતા ને પૂજ્ય ગુરુદેવના અધ્યાત્મરસયુક્ત પ્રવચનો ઘણા ઉલ્લાસ પૂર્વક સંભાળીને અવાર-નવાર કહેતાં કે આ વાત સમજાય તેવી જ છે, સમજ્યે જ છૂટકો છે, વિગેરે પ્રકારથી અત્યંત પ્રમોદ વ્યક્ત કરતા હતા. 'બહેનશ્રીનાં વચનામૃત' વાંચીને ખૂબ ઉલ્લસિત થયા હતા અને થોડા જ વખતમાં આ પુસ્તકનું પાંચ વખત પ્રસન્નચિત્તે વાંચન કર્યું હતું. તેઓને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો અને પ્રસંગોપાત ઉદારચિત્તે દાન કરતા હતા. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય-મંદિર ટ્રસ્ટના તેઓ ટ્રસ્ટી હતા તેમજ શ્રી નવનીતલાલભાઈ ઝવેરીના સ્વર્ગવાસ બાદ તેમના સ્થાને, મુંબઈ મુમુક્ષુ મંડળના પ્રમુખ તરીકે તેઓ નિયુક્ત થયા હતા. શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિરમાં પરમાગમોના અક્ષરો આરસમાં કોતરાવી આપવાનું કાર્ય તેઓએ ખૂબ જ હોંશથી અને પરિશ્રમપૂર્વક કર્યું હતું. વઢવાણમાં જિન-મંદિર બંધાવવામાં પણ તેઓએ ઉદારતાથી સહકાર આપ્યો હતો. તેઓશ્રીના અવસાનથી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટને, મુંબઈ-મુમુક્ષુમંડળને તેમ જ જૈન સમાજને મોટી ખોટ પડી છે. તા. ૨૦-૧૧-૭૭ ના રોજ શ્રી કુંદકુંદ-પ્રવચન મંડપમાં માનનીય મુરબ્બી પ્રમુખ શ્રી રામજીભાઈ દોશીના પ્રમુખપદે એક શોક સભા રાખવામાં આવી હતી, જેમાં તેઓના સદ્‌ગુણોનું ને સદ્‌કાર્યોનું સ્મરણ કરીને, તેમનો આત્મા શીઘ્ર આત્મોન્નતિ પામે એવો, તેમના કુટુંબીજનોને આશ્વાસન આપતો એક ઠરાવ પસાર કર્યો હતો. તેઓનો આત્મા સત્‌સંગથી પ્રાપ્ત કરેલા આત્મસંસ્કારના બળે, વીતરાગી દેવ-ગુરુ-ધર્મનું શરણ પામીને, શીઘ્રતાથી આત્મકલ્યાણ પામે એવી ભાવના.

* બ્રહ્મચારી ઈન્દુબેનના માતુશ્રી કસ્તુરબેન લોદરીઆ (વર્ષ-૬૭) તા. ૨૪-૯-૭૭ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા વર્ષોથી સોનગઢમાં રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપવિનાશિની અમૃતવાણીનો લાભ લેતા હતા. છેલ્લા દિવસોમાં 'બહેનશ્રીનાં વચનામૃત' વાંચીને ખૂબ પ્રમોદિત થયા હતા. વીતરાગી

દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેઓને ઘણો જ ભક્તિભાવ હતો. ધર્મસંસ્કારના બળે તેમનો આત્મા આગળ વધીને આત્મહિત પામો એ જ ભાવના.

* નેસડાવાળા ગોડા શાંતિલાલ છગનલાલ (વર્ષ–૫૭) ભાદરવા વદ ૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ખૂબ શ્રદ્ધા–ભક્તિ હતા. પૂજ્ય ગુરુદેવશ્રીની અપૂર્વવાણીનો તેઓ લાભ લેતા હતા. સદ્‌ગતનો આત્મા અધ્યાત્મસંસ્કારના બળે આત્મોન્નતિ પામો એ જ ભાવના.

* વઢવાણના રહીશ, હાલ મુંબઈ નિવાસી શ્રી કપુરચંદ હરજીવનદાસ વોરાનો (૭૬ વર્ષની વયે) તા. ૨૬. ૧. ૭૭ ના રોજ મુંબઈ મુકામે દેહવિલય થયો છે. તેમને ઘણાં વર્ષોથી પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ભક્તિ હતી અને ગુરુદેવે ઉપદેશેલા તત્ત્વજ્ઞાન પ્રત્યે પ્રીતિ હતી. તેઓ સંત્સંગ અર્થે સોનગઢ આવતા રહેતા હતા. છેલ્લાં વર્ષોમાં તો તેમની તબિયત નબળી રહેતી હોવા છતાં તેનું દુર્લક્ષ કરીને તકલીફ વેઠીને પણ, તેઓ અવાર નવાર સોનગઢ આવી લાંબો સમય રહી, પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનોનો લાભ લેતા. સદ્‌ગતનો આત્મા ધાર્મિક સંસ્કારોને વૃદ્ધિગત કરી શાશ્વત સુખને પામો એ જ ભાવના.

* કોઈ અતિ નિંદ્રાવશ મનુષ્યને તેના મર્મસ્થાન ઉપર મુદગરની ચોટ મારે અથવા અગ્નિના તાપથી દેહને જરા ઉષ્ણતા લાગે અથવા ક્યાંક વાજીંત્રોના અવાજ સાંભળે તો તે તુરત જાગ્રત થઈ જાય છે. પરંતુ અવિવેકી જીવને તો પાપકર્મફળના ઉપરા ઉપરી ઉદયરૂપ મુદગરના માર મર્મસ્થાન ઉપર પડયા કરે છે, મહાદુઃખરૂપ વિવિધ તાપથી તેનો દેહ નિરંતર બળી રહ્યો છે, અને વળી આજ આ મર્યો, કાલ આ મર્યો, ફલાણો આમ મર્યો અને ફલાણો તેમ મર્યો–એવા યમરાજના વાજીંત્રોના ભયંકર શબ્દો વારંવાર સાંભળે છે છતાં એ મહા અકલ્યાણકારક અનાદિ મોહનિંદ્રાને જરાય વેગળી કરી શકતો નથી, એ પરમ આશ્ચર્ય છે. (આત્માનુશાસન)

---

## અગત્યની સૂચનાઃ-

ત્રણ વર્ષ પહેલાં ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોને “આત્મ ભાવના” પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ જેઓ નવા ગ્રાહક બન્યા હોય અને જેમને આ પુસ્તક મળ્યું ન હોય તેઓ પોતાના ખર્ચે મંગાવી લે.

સાદી બુકપોસ્ટથી ૦ = ૭૫ –મેનેજર,
રજીસ્ટર્ડ બુકપોસ્ટથી ૨ = ૭૫ **શ્રી દિ૦ જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
સોનગઢ

[ બહેનશ્રીનાં વચનામૃત...........ટાઈટલ ૨ થી ચાલુ ]

પણ માયા થાય ન રોમમાં'; સોનું હો કે તણખલું-બેય સરખાં છે. ગમે તેવા સંયોગ હોય-અનુકૂળતામાં ખેંચાતા નથી, પ્રતિકૂળતામાં ખેદાતા નથી. જેમ જેમ આગળ વધે તેમ તેમ સમરસભાવ વધારે પ્રગટ થતો જાય છે.

* અહો! આત્મા અલૌકિક ચૈતન્યચંદ્ર છે, જેનું અવલોકન કરતાં મુનિઓને વૈરાગ્ય ઊછળી જાય છે. મુનિઓ શીતળ-શીતળ ચૈતન્યચંદ્રને નિહાળતાં ધરાતા જ નથી, થાકતા જ નથી.

* રોગમૂર્તિ શરીરના રોગો પૌદ્‌ગલિક છે, આત્માથી સર્વથા ભિન્ન છે. સંસારરૂપી રોગ આત્માની પર્યાયમાં છે; 'હું સહજ જ્ઞાયકમૂર્તિ છું' એવી ચૈતન્યભાવના, એ જ લઢણ, એ જ મનન, એ જ ઘોલન, એવી જ સ્થિર પરિણતિ કરવાથી સંસારરોગનો નાશ થાય છે.

* જ્ઞાનીને દૃષ્ટિ દ્રવ્યસામાન્ય ઉપર જ પડી હોય છે, ભેદજ્ઞાનની ધારા સતત વહે છે.

* ધ્રુવ તત્ત્વમાં એકાગ્રતાથી જ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે, વિભાવનો અભાવ થાય છે.

* મુનિઓ અસંગપણે આત્માની સાધના કરે છે, સ્વરૂપગુપ્ત થઈ ગયા છે. પ્રચુર સ્વસંવેદન જ મુનિનું ભાવલિંગ છે.

* આત્મા જ એક સાર છે, બીજું બધું નિઃસાર છે. બધી ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર. ગમે તેમ કરીને ચૈતન્યસ્વરૂપ આત્માને વળગ; તો જ તું સંસારરૂપી મગરના મુખમાંથી છૂટી શકીશ.

* પરપદાર્થને જાણતાં જ્ઞાનમાં ઉપાધિ નથી આવી જતી. ત્રણ કાળ, ત્રણ લોકને જાણતાં સર્વજ્ઞતા-જ્ઞાનની પરિપૂર્ણતા સિદ્ધ થાય છે. વીતરાગ થાય તેને જ્ઞાનસ્વભાવની પરિપૂર્ણતા પ્રગટે છે.

## * આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો *

૧. નરકભૂમિની સામગ્રી તથા નારકીઓનું વિકરાળરૂપ જેવું છે તેવું જો કોઈને એક ક્ષણમાત્ર પણ સ્વપ્નમાં દેખાડે તો તે ભયથી પ્રાણ રહિત થઈ જાય.

૨. નારકીઓના દેહાદિનો એક કણ અહીં આવે તો તેની દુર્ગંધથી અહીંના હજારો પંચેન્દ્રિય જીવો મરણ પામે.

૩. નારકીઓના શબ્દ એવા ભયંકર તથા કઠોર છે કે જો અહીં સાંભળવામાં આવે તો હાથીઓના ને સિંહોના હૃદય ફાટી જાય.

૪. નરકમાં જે દુઃખદાયી સામગ્રી છે તેનો સ્વભાવ દેખાડવા કે અનુભવ કરાવવા સમસ્ત મધ્યલોકમાં કોઈ વસ્તુ દેખાતી નથી.

૫. નરકમાં જે દુઃખ છે તે કોઈ કરોડો જીભ વડે કરોડો વર્ષ સુધી કહે તોપણ એક ક્ષણમાત્રના દુઃખને કહેવા સમર્થ નથી.

( શ્રી રત્નકરંડ શ્રાવકાચાર )

* જો પરિગ્રહધારી સાધુઓનો મોક્ષ થતો માનવામાં આવે તો અગ્નિને ઠંડી માનવી પડશે, ઇન્દ્રિયોને સુખને જો સુખ માનવામાં આવે તો વિષને અમૃત માનવું પડશે, શરીરને જો સ્થિર માનવામાં આવે તો આકાશમાં વિજળીને સ્થિર માનવી પડશે, અને જો શરીરમાં રમણીકતા માનવામાં આવે તો ઇન્દ્રજાળની માયામાં રમણીકતા માનવી પડશે. ( શ્રી પદ્મનંદી-આચાર્ય )

* જેને સૂર્ય, ચંદ્ર, વિષ્ણુ, શંકર, ઇન્દ્રાદિક જીતી ન શક્યા એવી દુઃખદાયી, બળવાન તથા દુર્જય ઇન્દ્રિયોને જે જીતી લે છે તે એક જ જગતમાં બળવાન છે.

( શ્રી અમિતગતિ-આચાર્ય )

---

**પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં સુખશાતામાં બિરાજી રહ્યાં છે. સવારે શ્રી કળશટીકા-બંધ અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચનો થઈ રહ્યાં છે તથા બપોરે શ્રી સમયસાર ગાથા ૪૧૫ ઉપર પ્રવચનો પૂરા કરીને હવે શ્રી પ્રવચનસાર ગાથા ૧૭૨, અલિંગગ્રહણ ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચનો શરૂ થશે.**

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) PIN : 364250
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૩૫૦૦